Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-

Posting Licence No. RAJKOT / 678 / 2021-23 VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)

Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

Year: 6, Issue:168 Dt.28-04-2021 (Wednesday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

કચ્છથી આસામ સુધી ભૂકંપના પ્રચંડ આંચકા

બંગાળની ધરતી પણ ધ્રુજી, મકાનોની દીવાલોમાં તીરાડો પડી, આસામના મુખ્યમંત્રી સાથે વાત કરી સ્થિતિ જાણતા વડાપ્રધાન, કોઈ જાન હાની કે મોટું નુકશાન થયાની હજુ વાવડ નથી

ભુકંપનું કેન્દ્ર બિંદુ ગુવાહાટી પાસે, કચ્છમાં ૩.૪ની તિવ્રતાનો આંચકો, આસામ–બંગાળમાં તિવ્રતા ૬.૪

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૨૮

આજે વહેલી સવારે કચ્છથી આસામ અને બંગાળ સહિત ઇશાન ભારતમાં ભુકંપના પ્રચંડ આંચકા લાગતા લોકોમાં ભારે ગભરાટ પ્રસરી ગયો હતો. આસામ અને બંગાળમાં ૬.૪ની તિવ્રતા સાથેના આંચકા લાગતા મકાનોની દીવાલોમાં અને બારીઓમાં તીરાડો પડી ગઇ હતી. અનેક વિસ્તારોમાં દીવાલો ધરાસાઇ થઇ ગઇ હતી. કોઇ જાનહાની કે મોટું નુકશાન થયાના હજુ અહેવાલો મળ્યા નથી. આસામની જેમ ઉત્તર બંગાળમાં પણ વહેલી સવારે ધરતી ધ્રુજી ઉઠી હતી. ભુકંપનું કેન્દ્ર બીંદુ આસામની રાજધાની ગુવાહાટીથી ૧૪૦ કીલોમીટર દુર ધેકીયાજુલી ગામમાં નોંધાયું હતું. કચ્છમાં આવે સવારે ૬:૩૪ વાગ્યે ધરતી કંપનો આચંકો લાગતા લોકો ઘરોની બહાર દોડી ગયા હતા. ભુકંપની તીવ્રતા રીકટર સ્કેલ પર ૩.૫ હોવાનું નોંધાયું હતું.

સમગ્ર ઇશાન ભારત અને પડોશી દેશ ભુતાનમાં પણ ધરતીકંપના આંચકા અનુભવાયા હતા. ડરીને લોકો ઘરોની બહાર દોડી ગયા હતા. આસામ અને ઇશાન ભારતમાં વહેલી સવારે ૭:૫૧ વાગ્યે આંચકા લાગ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આસામના મુખ્યમંત્રી અર્વાનંદ સોનવાલ સાથે વાતચીત કરી હતી અને કેન્દ્ર તરફથી તમામ પ્રકારની મદદની ખાત્રી આપી હતી. તેમણે નુકશાનીની વિગતો મેળવી હતી અને પ્રજાની સલામતી માટે પ્રાર્થના કરી હતી.

મુખ્યમંત્રી સોનવાલે ટ્વીટ કર્યુ હતું કે, આસામમાં બહુ મોટા આંચકા લાગ્યા છે. હું સહુના ઉત્કર્ષ અને સુરક્ષા માટે પ્રાર્થના કરૂ છું

(અનુ.પાના નં.૪ ઉપર)

રાજકોટથી અમદાવાદ સુધી મંગળવારે મીની વાવાઝોડુ

ઘણા વિસ્તારોમાં મૌસમનો મીજાજ પલટાયો, વિજળી ગુલ, ધુળની ડમરીઓ ચડી, વાહન ચાલકોને ભારે પરેશાની

(એજન્સી સમાચાર)

રાજકોટ, તા.૨૮

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં અને અમદાવાદ સહિત ગુજરાતના અનેક શહેરોમાં મંગળવારે એકા એક મૌસમનો મીજાજ પલટાયો હતો અને મીની વાવાઝોડુ મોડી સાંજે ફુંકાયું હતું. સાંજથી ભારે પવનની સાથે ધુળની ડમરીઓ પણ ઉડવા લાગી હતી. કયાંક કયાંક કોઇ સ્થળે વરસાદના છાંટા પણ પડયા હતા. ધુળની ડમરીને કારણે વાહન ચાલકોને ભારે મુશકેલી થઇ હતી. કલાકના ૩૦ કિ.મી.ની ઝડપે પવન ફુંકાયો હતો. આંધીને કારણે મકાનોના બારી, બારણા ખખડવા લાગ્યા હતા. લોકોને એવું લાગ્યું હતું કે મોટું વાવાઝોડુ

(અનુ.પાના નં.૪ ઉપર)

રાજકોટમાં કોરોનાથી મોતની રફતારને થોડી બ્રેક : ૫૩નાં મૃત્યુ

ગુજરાતમાં ફરીવાર ૧૪ હજારની સપાટી પર નવા કેસો, રાજયમાં વધુ ૧૪૩૫૨ કેસ અને ૧૭૦ દર્દીઓના મૃત્યુ

અમદાવાદમાં વડાપ્રધાન મોદીના કાકીનું કોરોનાથી મૃત્યુ, રાજકોટ, જામનગર સહિતના તમામ શહેરોમાં સજ્જડ લોકડાઉન

૧૮ થી વધુ વયના લાભાર્થીઓ માટે વેક્સિન રજીસ્ટ્રેશન આજથી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં કોરોના સંક્રમણની બેકાબુ ગતી કાબુમાં લેવા માટે ૧૮થી વધુ વયના તમામનું રસીકરણ શરૂ કરવાની તૈયારીઓ થઇ ગઇ છે. એ માટે આજે સાંજે ૪ વાગ્યાથી રજીસ્ટ્રેશનની કામગીરી શરૂ થઇ જશે. ૧૮થી ઉપરની વયના તમામનું રસીકરણ ૧ મેથી શરૂ થઇ જશે. દરમ્યાન રાજકોટમાં આજે કોરોનાના મૃત્યુ તાંડવને થોડીક બ્રેક લાગી છે. આજે ૫૩ દર્દીઓના કોરોનાથી મૃત્યુ થયાનું નોંધાયું હતું. રાજકોટ શહેરમાં સરકારના આદેશને પગલે બજારો, દુકાનો, મોલ બંધ થઇ જતા આર્થીક પ્રવૃતિઓનો ધમધમાટ આજથી શાંત થઇ ગયો હતો. ઉચ્ચ પોલીસ અધિકારીઓ શહેરના વિવિધ વિસ્તારોમાં બંધ કરાવવા માટે પગે ચાલીને નીકળ્યા હતા.

દરમ્યાન ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૪૩૫૨ નવા કેસો નોંધાયા હતા અને વધુ ૧૭૦ દર્દીઓ મૃત્યુને ભેટયા હતા. અમદાવાદ અને સુરતમાં કોરોનાએ હાહાકાર મચાવવાનું ચાલુ રાખ્યું છે. સુરતમાં વધુ ૧૩૩૧ દર્દીઓ ગંભીર હાલતમાં જીવન મરણ વચ્ચે જોલા ખાઇ રહયા છે. રાજયના અમદાવાદ સહિતના ૭ શહેરોમાં છેલ્લા ૭ દિવસમાં ૯૦૫ કોરોના દર્દીઓ કોરોના સામેની બાજી હારી ગયા છે. વડોદરા અને જામનગરમાં

(અનુ.પાના નં.૪ ઉપર)

દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના ૩,૬૨,૭૮૭ કેસ, ૩૨૮૫નાં મોત

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી તા. ૨૮

દેશમાં કોરોના મહામારી માટે સતત પાંચમાં દિવસે રાહતના સમાચાર જોવા મળ્યા છે.આંશિક રાહત મળી હોય તેમ લાગી રહ્યું છે.આમ છતાં દેશમાં સતત છઠ્ઠા દિવસે કોરોના વાયરસના ત્રણ લાખથી વધુ કેસ નોંધાયા છે, ફરી એક વખત વધુ ૨.૬૨ લાખથી વધુ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.આજ સુધી વિશ્વના કોઈ પણ દેશમાં આવું બન્યું નથી.જ્યારે પાંચ દિવસમાં આઠ લાખ કરતા વધારે લોકો કોરોના મુક્ત થયા છે. દેશમાં ૩,૬૨,૭૮૭ લાખ નવાકેસ નોંધાયા છે.

દેશમાં કોરોનાના કેસને લઈને રાહતનું વધુ એક ઇનપુટ પ્રાપ્ત થઈ રહ્યું છે. ૨૪ કલાકમાં ૨.૪૫.લાખ લોકોએ કોરોનાને માત આપી છે અને કોરોના મુક્ત બન્યા છે. જે અત્યાર સુધીનો સૌથી મોટો રિકવરી રેટ નોંધવામાં આવ્યો છે. આ ઉપરાંત છેલ્લા ૨૪ કલાકમાં ૩.૬૨ લાખ નવા કેસ નોંધવામાં આવ્યા છે. નવા કેસ અત્યાર સુધીની સર્વોચ્ચ સપાટીએ એક્ટિવ કેસ પહોંચ્યા છે. હવે એક્ટિવ કેસનો આંકડો ૨૯.૭૨ લાખને પાર પહોંચ્યો છે. તેની દિવસે ૩૨૮૫થી લોકોના મોત નિપજ્યા છે. કુલ મૃત્યુઆંક ૨,૦૧,૧૬૫ થયો છે.

મંત્રાલયે જાહેર કરેલા સત્તાવાર આંકડા મુજબમહારાષ્ટ્રમાં સર્વાધિક ૬૬,૩૫૬ નવા કેસ નોંધવામાં આવ્યા છે.અન્ય રાજ્યોના આંકડા પર નજર કરીએ તો નવા કેસનો આંકડો ઉત્તરપ્રદેશમાં ૨૪ કલાકમાં ૩૨,૯૨૧, દિલ્હીમાં ૨૪,૧૪૮- કોરોનાગ્રસ્તની સંખ્યા દરરોજ રેકોર્ડ તોડી રહી છે. કર્ણાટકમાં ૩૧,૮૩૦, છત્તીસગઢમાં ૧૪,૮૯૩, મધ્યપ્રદેશમાં ૧૩,૪૧૭, કેરળમાં ૩૨,૮૧૯, ગુજરાતમાં ૧૪,૩૫૨, તમિળનાડુમાં ૧૫,૮૩૦, બિહારમાં ૧૨,૬૦૪ , જયારે હરિયાણામાં ૧૧,૯૩૧ કેસ નોંધાયા છે. પશ્ચિમ બંગાળમાં ૧૬,૪૦૩ સહિતના ૧૨ રાજયોમાં રોજકોરોના સંક્રમણના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે.

થાણેની હોસ્પિટલમાં આગ ભભુકી, ૪નાં મોત

દર્દીઓને અન્યત્ર ખસેડતી વખતે રસ્તામાં મૃત્યુ પામ્યા

(એજન્સી સમાચાર)

થાણા,તા. ૨૮

મહારાષ્ટ્રના થાણામાં અચાનક એક હોસ્પિટલમાં આગ લાગી ગઈ જેમાં ૪ દર્દીઓના મોત થયા. જ્યારે અનેક ઘાયલ થયા છે. અત્રે જણાવવાનું કે આગ મુંબ્રા વિસ્તારના કૌસામાં પ્રાઈમ ક્રિટિકેર હોસ્પિટલમાં લાગી છે.

થાણા મ્યુનિસિપલ કોર્પોરેશનના જણાવ્યાં મુજબ આજે વહેલી સવારે ૩.૪૦ વાગે પ્રાઈમ ક્રિટિકેર હોસ્પિટલમાં આગ લાગી. ફાયર બ્રિગેડની બે ગાડીઓ અને એક રેસ્ક્યૂ વાહન ઘટનાસ્થળે હાજર છે. આગ ઓલવવાનું કામ ચાલુ છે. બીજી હોસ્પિટલમાં શિફ્ટ કરવા દરમિયાન ૪ લોકોના મોત થયા.

અકસ્માતની જાણકારી આપતા થાણા પોલીસ અને ફાયરના અધિકારીઓએ કહ્યું કે હોસ્પિટલમાંથી ૨૦ દર્દીઓને રેસ્ક્યૂ કરાયા છે. રાહત અને બચાવ કાર્ય હજુ પણ ચાલુ છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

હાશ! મેના મધ્યમાં કોરોના મંદ પડશે, જુલાઈમાં સાવ રાહત

આઈઆઈટી કાનપુરના પ્રોફેસરની રાહત રૂપ આગાહી, કોવિડ અત્યારે પીક પર, ધીમે ધીમે કેસો ઘટતા જશે



(એજન્સી સમાચાર)

કાનપુર તા. ૨૮

દેશમાં કોરોના વાયરસની બીજી લહેરે લોકોને ભયભીત કરી દીધા છે. લોકો પોતાના સ્વજનોને પોતાની આંખો સામે વિદાય લેતા નિહાળી રહ્યા છે પરંતુ ઇચ્છતા હોવા છતાં કશું કરી શકતા નથી. હોસ્પિટલોમાં બેડ અને ઓકસીજનની અછત છે. સરકાર સ્થિતિ ઉપર કાબુ મેળવવા દિવસ – રાત એક કરે છે પણ સંક્રમણ કેમેય કરીને ઘટતું નથી. હવે નિષ્ણાંતોએ એવો દાવો કર્યો છે કે લોકોને ડરાવી રહ્યો છે કહેવાય છે કે બીજી લહેરનો સામનો કરી રહેલા દેશમાં સ્થિતિ થાળે પડતા જુલાઇ સુધીનો સમય લાગી શકે છે. જો કે નિષ્ણાંતોએ કહ્યું છે કે મેના બીજા સપ્તાહ સુધીમાં કોરોનાના કેસ પીક સુધી પહોંચી જશે પણ સંક્રમણ દર ન્યુનત્તમ આવવામાં અઢી મહિના કે તેથી વધુ સમય લાગી શકે છે.

આઇઆઇટી કાનપુરના પ્રોફેસર મનિન્દર અગ્રવાલ સૂત્ર મોડેલનો ઉપયોગ કરીને જણાવે છે કે, અનેક રાજ્યોમાં કોરોના સંક્રમણના કેસની પીક મેના પ્રથમ સપ્તાહમાં આવવી શરૂ થશે અને મેના મધ્યથી સંક્રમણમાં ઘટાડાનો દોર શરૂ થશે પણ દેશમાં સ્થિતિ સામાન્ય થતા જુલાઇ સુધીનો સમય લાગશે.

આઈઆઈટી કાનપુરે હત ૭ દિવસોમાં દેશના અલગ અલગ ભાગોમાં કોરોનાને લઈને એક મેથેમેટિકલ સ્ટડી કર્યુ છે. આ સ્ટડીના આધાર પર આ નિષ્કર્ષ નિકળ્યુ છે કે મેના પહેલા અઠવાડિયામાં કોરોના પીક પર હશે અને તેની સ્પીડ ઘટવા લાગશે. આઈઆઈટી પ્રોફેસર મનિંદર અગ્રવાલના જણાવ્યાનુસાર આ સ્ટડી ગણિત વિજ્ઞાનના આધાર પર કરવામાં આવી છે. તેમણે જણાવ્યુ કે ભારતનો પીક એપ્રિલના

(અનુ.પાના નં.૪ ઉપર)

માર્કેટીંગ માટે છોકરા તેમજ છોકરી જોઇએ છે
મો.૯૪૦૯૭ ૫૭૦૬૨

રાજય સરકાર સામે માનવ વધનો ગુન્હો દાખલ કરવો જોઇએ : અમિત ચાવડા

સરકારની બેદરકારીને કારણે રાજયમાં ઓક્સિજનની તંગી ઉભી થઇ, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ દ્વારા સરકારની કામગીરી પર ભારે પ્રહારો

(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૨૮

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડાએ આજે રાજય સરકાર પર ભારે પ્રહારો કર્યા હતા અને ઓક્સિજનની તંગી માટે સરકારનું મીસ મેનેજમેન્ટ જવાબદાર ગણાવ્યું હતું. અમિત ચાવડાએ એવી આકરી માંગણી કરી હતી કે, રાજય સરકાર સામે માનવ વધનો ગુન્હો દાખલ થવો જોઇએ.

પત્રકારો સમક્ષ વાતચીત કરતા ચાવડાએ જણાવ્યું હતું કે, રાજય સરકારની બેદરકારીને કારણે ઓક્સિજનની અછત ઉભી થઇ છે. ૩૦ મેટ્રીક ટન ઓક્સિજનની અત્યારે અછત છે. એ જ રીતે રેમડેસિવિર ઇન્જેકશનનો પણ પુરતો જથ્થો નથી. ૧૦૦ની જરૂરીયાત સામે માત્ર ૪૦ ઇન્જેકશન મળી રહયા છે. બજારોમાં કાળા બજાર થઇ રહયા છે અને લોકો ઇન્જેકશન માટે લાઇનો લગાવી રહયા છે. તેમણે કહયું હતું કે, સરકારે અહંકાર છોડીને કોરોના અંગેની લડાઇ માટે બધાનો અભીપ્રાય લેવો જોઇએ.

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી **Sk News** એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર કાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી સૌરાષ્ટ્ર ક્રાંતી NEWS

www.saurashtrakranti.com

શ્રધ્ધાજંલિ/ બેસણું

જાહેર ખબર પ્રકાર	આવૃતિ	સાઈઝ	ભાવ
બેસણું/શ્રધ્ધાજંલિ	રાજકોટ	5x2	200

5% GST

જાહેરાત માટે સંપર્ક કરો:
90333 44426

125, સ્ટાર ચેમ્બર,
હરિહર ચોક,
પંચનાથ પ્લોટ,
રાજકોટ-360001

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

WhatsApp કરો
તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

મોભો એ જ, માધ્યમ નવું

યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા

આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્કાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ | saurashtrakrant
SAURASHTRAKRANTI | SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

ક્લાસિફાઈડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:
90333 44426

આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે 94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

સોશિયલ મીડિયામાં સટાસટી

આત્મનિર્ભરનો અર્થ હવે સમજાયો...!

ઓક્સિજન જાતે લાવો, વેન્ટીલેટર બેડ જાતે મેળવો, ધંધા જાતે બંધ કરો, સ્મશાન જાતે ગોતો અને આત્મર્નિભર બનો

''આભાર નીતિન પટેલ, નરેન્દ્ર મોદી, વિજય રૂપાણી. તમારા આયોજનના કારણે મેં મારા પિતાને ગુમાવ્યા. મેં ઘણી વખત ૧૦૮ પર ફોન કર્યો પણ તેઓ ન આવ્યા. મારા પિતાનું ઓક્સિજન લેવલ 30 થઈ ગયું હતું. હું કાંઈ કરી શકું એમ નથી. મારે મારા પિતાને મારી આંખો સામે મરતા જોવા પડી રહ્યા છે. તમે બધા આના માટે જવાબદાર છો. તમારા નિર્ણયોના કારણે મારા પિતાને મેં ગુમાવ્યા. હું ભાજપનો સમર્થક છું. પરંતુ હવે મને સમજાઈ ગયું છે કે તમે બધા બિનકાર્યક્ષમ છો ''

કોરોનાની પરિસ્થિતિ ગંભીર બનવાને કારણે રાજ્યમાં લોકો કેટલી હદે લાચાર બની ગયા છે તેનું ઉદાહરણ ટ્વિટર પર એક યુઝરની પોસ્ટ પરથી આવે છે. પૂજન કે. પટેલ નામના એક ટ્વિટર યુઝર બે દિવસથી ટ્વીટ મારફતે પોતાના કોરોનાગ્રસ્ત પિતા માટે બેડની વ્યવસ્થા કરવાની વિનંતી કરી રહ્યા હતા. તેમણે પોતાના ટ્વીટમાં ઉપર મુજબનુ લખાણ લખ્યું હતું.

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૨૮

રાજ્યમાં પાછલા ઘણા દિવસોથી કોરોનાના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. તેમજ રાજ્યની હોસ્પિટલોમાં કોરોનાના દર્દીઓ માટે પથારીઓ, ઓક્સિજન અને પ્રાણરક્ષક દવાઓના જથ્થાની ભારે અછત હોવાની વ્યાપક ફરિયાદો જોવા મળી છે. જેના કારણે ઘણા દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા હોવાના અહેવાલો સતત સ્થાનિક મીડિયામાં આવી રહ્યા છે.

આવી પરિસ્થિતિમાં જ્યારે નીતિન પટેલનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવતાંની સાથે જ તેમને તાત્કાલિક અસરથી રાજ્યની સરકારી હોસ્પિટલમાં બેડની સુવિધા મળી ગઈ છે ત્યારે લોકો સોશિયલ મીડિયા પર પોતાનો રોષ ઠાલવી રહ્યા છે.આ વાત જાહેર થતાં જ સોશિયલ મીડિયા પર લોકો સવાલ કરી રહ્યા છે કે જ્યારે ગુજરાતના સામાન્ય લોકો લાંબી લાંબી કતારોમાં હોસ્પિટલમાં દાખલ થવા માટે

સોશિયલ મીડીયામાં વાઇરલ થયેલો મેસેજ

સાડૂ પોલીયો હતો ત્યારે આ સરકાર ન હતી નહીંતર.....

લોકોને પૈસાની હવા હતી હવે હવાના પૈસા છે

મહેનત કરી રહ્યા છે. ત્યારે નાયબ મુખ્ય મંત્રીને તાત્કાલિક અસરથી પથારી કેવી રીતે મળી ગઈ?

આ પોસ્ટોમાંથી મોટા ભાગની પોસ્ટો ભલે કટાક્ષમાં કે મજાકીયા અંદાજ સાથે કરાયેલી હોય તેવો ભાવ વ્યક્ત કરે છે, પરંતુ આ તમામ પ્રતિક્રિયાઓ રાજ્યમાં કોરોનાના કારણે સામાન્ય

નીતિન પટેલને તાત્કાલિક બેડ કેવી રીતે મળી ગયો? સોશિયલ મીડિયા પર લોકોના તીખા સવાલ

જનતાના મનમાં ઊઠી રહેલા સવાલોને જરૂર પ્રતિબિંબિત કરે છે. રાજ્યમાં ચાલી રહેલી સરકારી નીતિઓ અને નિયમો શું માત્ર સામાન્ય જનતા માટે જ છે તેવા પ્રશ્નો જરૂર ઊભા કરી

પાંચની ખાસ જરૂર ઓક્સિજન, વેન્ટિલેટર, રેમડેસિવિર, હોસ્પિટલ બેડ અને ૧૦૮

રહી છે.

આવા સમયમાં જ આ બાબતને ઓસ્ટ્રેલિયાના એક માતબર અખબારે એક કાર્ટૂન દ્વારા વાચા આપી છે જેમાં હાથીના મૃતદેહ પર ઉભા રહીને મુકુટધારી નેતા ભાષણ કરી રહ્યા છે જેને વિશ્વમાં ભારે તરખાટ મચાવી દીધો છે.અને આ બાબતે કેન્દ્ર સરકારે ઓસ્ટ્રેલિયા સરકારને મોદી સરકારની ઈમેજ બચાવવા પત્ર લખ્યો...અને તે પણ મીડિયામાં વાયરલ થઇ જતા કેન્દ્ર સરકાર વધુ ભીંસમાં આવી ગઈ છે ! તો લોકો સોશિયલ મીડિયા પર નેતાઓની, સરકારની આકરી ટીકા કરવા લાગ્યા છે. જે પૈકીના બે બાબતે ધુમ મચાવી દીધી છે.

ઓક્સિજન, વેન્ટિલેટર, રેમડેસિવીર, હોસ્પિટલ બેડ અને ૧૦૮ તથા બીજી છે આત્મનિર્ભરનો અર્થ હવે સમજાયો. ઓક્સિજન જાતે લાવો, વેન્ટીલેટર બેડ જાતે મેળવો, ધંધા જાતે બંધ કરો, સ્મશાન જાતે ગોતો આ બાબત મોટા પ્રમાણમાં વાયરલ થઈ છે..જે ઘણું બધું કહી જાય છે!

આ સાથે જ લોકોનાં મનમાં એવા પણ પ્રશ્નો ઊભા થવા લાગ્યા છે કે શું રાજ્યની સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં રાજનેતાઓ માટે અને વીઆઇપી હસ્તીઓ માટે સ્પેશિયલ અનામત પથારી જાળવી રાખવામાં આવી છે કે કેમ? જો હા તો આ વ્યવસ્થા બંધારણીય દૃષ્ટિએ યોગ્ય છે કે કેમ? જોકે, આ પ્રશ્નોના જવાબ જનતાને ક્યારે મળશે તે અંગે હાલ કોઈ સ્પષ્ટતા નથી.

ઢેબર રોડ, સોની બજાર, ધર્મેન્દ્ર રોડ સહિતની બજારો સજ્જડ બંધ

(તસવીરઃ દિલીપ ગોહેલ)

પોલીસ દ્વારા આજે સવારથી જ અલગ અલગ વિસ્તારમાં બજારોમાં ફુટ પેટ્રોલિંગ પણ કરવામાં આવ્યું

રાજકોટ પોલીસ કમિશનર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરાયું

- મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફ અને સેવાઓ યથાવત્ત રહેશે.
- રેસ્ટોરન્ટ્સ બંધ રહેશે માત્ર ટેક અવે સિસ્ટમથી જ કાર્યરત રાખી શકાશે.
- મોલ અને શોપિંગ કોમ્પલેક્ષ બંધ રહેશે
- સિનેમા હોલ, બાગબગીચા, જીમ, સ્વીમિંગ પુલ, વોટરપાર્ક બંધ
- સલૂન, સ્પા, બ્યૂટીપાર્લર અને અન્ય એક્ટિવિટી પાર્ક અને પ્રવૃતિઓ બંધ રહેશે.
- શાકભાજી અને ફળફળાદી સિવાયની APMC પ્રવૃતિઓ પણ બંધ રહેશે.
- ધાર્મિકસ્થળો બંધ રહેશે. પુજાવિધિ જેવી જરૂરી કામગીરી કરી શકશે.
- પબ્લિક ટ્રાન્સપોર્ટ ૫૦ ટકા ક્ષમતા સાથે ચાલુ રહેશે.
- લગ્નપ્રસંગમાં ૫૦ અને અંતિમ વિધિમાં ૨૦ વ્યક્તિઓ જ હાજર રહી શકશે.
- સોની બજાર, બુધવારી બજાર, ગુજરી બજાર સહિતની બજારો બંધ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૨૮

રાજ્ય સરકાર દ્વારા ગઇકાલે ૨૯ શહેરોમાં રાત્રિ કર્ફ્યૂ સાથે સાથે મિની લોકડાઉન આપ્યું છે. આ ૨૯ શહેરોમાં આગામી ૫ મે સુધી આવશ્યક ચીજવસ્તુઓની દુકાન અને ધંધા-રોજગાર ચાલુ રાખવા ઉપરાંત બાકીના તમામ વેપાર-ધંધા, મોલ, મલ્ટીપ્લેક્સ બંધ રાખવા નિર્ણય કરવામાં આવ્યો છે. જેની અમલવારી માટે રાજકોટ શહેર પોલીસ કમિશનર દ્વારા પણ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જેમાં રાજ્ય સરકારની સુચના મુજબ વેપાર-ધંધા ચાલુ રાખવા જાહેરાત કરવામાં આવી છે અને બાકીના વેપારીઓએ બંધ પાળવા જણાવ્યું છે. આજે રાજકોટમાં ઢેબર રોડ, સોની બજાર, ધર્મેન્દ્ર રોડ સહિતની બજારોએ બંધ પાળ્યો છે. જ્યારે અંતરિયાળ વિસ્તારોમાં શું બંધ અને શું ચાલું રાખવું તેને લઇને વેપારીઓ અસંમજસમાં છે. રાજકોટમાં પોલીસ કમિશનર સહિતનો કાફલો રૈયા રોડ પર જીવન જરૂરી સિવાયની દુકાનો બંધ કરાવવા નીકળ્યો છે. રાજ્ય સરકાર દ્વારા રાજકોટ, અમદાવાદ, વડોદરા, સુરત, જામનગર, ભાવનગર સહિત ૨૯ શહેરોમાં રાત્રિ કર્ફ્યૂની સાથે સાથે માત્ર આવશ્યક ચીજવસ્તુની દુકાન અને વેપાર-ધંધા જ ચાલુ રાખવા નિર્ણય કરાયો છે. જેની અમલવારી આજથી ૫ મે સુધી કરવા જાહેર કરવામાં આવ્યું છે. જોકે આજ સવારથી રાજકોટ શહેરમાં મોટાભાગની બજારો બંધ જોવા મળી રહી છે. જેમાં ઢેબર રોડ, સોની બજાર, ધર્મેન્દ્ર રોડ સહિત વિસ્તારનો સમાવેશ થાય છે. જ્યારે કે અંતરિયાળ વિસ્તારમાં

(તસવીરઃ પંકજ ડાભી)

આજે પણ કેટલીક ચા-પાનની દુકાનો સહિત કેટલીક દુકાનો ખુલ્લી જોવા મળી હતી જેનું કારણ શું ખુલ્લું રાખવું શું નહીં તે અંગે વેપારીઓમાં અસંમજસ હોવાનું જાણવા મળી રહ્યું છે. પોલીસ દ્વારા આજે સવારથી જ અલગ અલગ વિસ્તારમાં બજારોમાં ફૂટ પેટ્રોલિંગ પણ કરવામાં આવ્યું હતું અને તેની સાથે પોલીસ દ્વારા લાઉડ સ્પીકરમાં જાહેરાત કરી વેપારીઓને સરકારની સૂચનાનું પાલન કરવા અપીલ કરવામાં આવી હતી. જોકે આજે પ્રથમ દિવસે સમજાવટ બાદ કોઇ દુકાનો ખુલ્લી જોવા મળશે તો તેમની સામે પોલીસ દ્વારા જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

પાન-બીડીની એજન્સીઓ પર ગ્રાહકોના ટોળા ઉમટ્યા

રાજકોટ શહેર પોલીસ કમિશનર દ્વારા પણ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જેમાં રાજ્ય સરકારની સુચના મુજબ વેપાર-ધંધા ચાલુ રાખવા જાહેરાત કરવામાં આવી છે અને બાકીના વેપારીઓએ બંધ પાળવા જણાવ્યું છે. અને શહેરમાં ચાની દુકાનો તેમજ પાન-ફાકીની દુકાનો પણ બંધ રહેવાની હોવાથી લોકોના એજન્સીઓ ઉપર ટોળે ટોળા ઉમટી પડ્યા હતા. અને સોશીયલ ડિસ્ટનસનો ભંગ થયો હતો.

તંત્રી સ્થાનેથી...

ચૂંટણી પંચ સામે કોઈ ફરીયાદ કરે તો ??

દેશમાં કોરોના મહામારીએ આમ પ્રજાને બેહદ મુશ્કેલીઓમા મૂકી દીધી છે. કેન્દ્ર સહિત જે તે કોરોના હોટસ્પોટ ૧૧ રાજ્યોની સરકારો આમ પ્રજાને હોસ્પિટલો, રેમેડેસિવીર ઇન્જેક્શન,ઓક્સિજન બાબતે હિલોળે ચડાવી દીધી છે.અને આવા કારણે સ્મશાન ગૃહો પર અંતિમ ક્રિયા માટે લાઈનો લાગી છે. છતાં સરકારને આમાંનું કંઈ દેખાતું નહી હોય તેવુ લાગી રહ્યું છે.! કોરોના ફેલાવવા માટે આમ પ્રજાને દોષ આપનાર નેતાઓની મદ્રાસ હાઈકોર્ટે બોલતી બંધ કરી દીધી છે.જોકે મોડે મોડે બધી ચૂંટણીઓ પૂર્ણ થયા બાદ આમ પ્રજાની મહેચ્છા અનુસાર તમિલનાડુ મદ્રાસ હાઈકોર્ટે ચૂંટણીપંચને કોરોના માટે જવાબદાર ઠેરવી ચૂંટણી અધિકારીઓ સામે હત્યાનો ગુનો દાખલ થઈ શકે છે તેવું અવલોકનમા કહેતાં જ હવામા ઉડતું ચૂંટણીપંચ જમીની સ્તરે ઉતરી આવ્યું અને તાત્કાલિક કોરાના નિયમોનો કડકાઈથી અમલ કરવા માટે આદેશ જાહેર કરી દીધા. જેમાં ચૂંટણીઓ પૂર્ણ થઈ તે રાજ્યોમાં સભા-સરઘસ બંધી તથા જીતેલા ઉમેદવાર એક વ્યક્તિ સાથે સર્ટિફિકેટ લેવા જઈ શકશે તેવો નિયમ જાહેર કરતાં અનેક નેતાઓની બોલતી બંધ થવા સાથે મનની મનમાજ રહી જશે.! કારણ હાઈકોર્ટે જે પ્રકારે ચૂંટણીપંચની ઝાટકી નાખ્યુ છે અને કોરોનાની બીજી લહેર માટે દોષી ઠેરવ્યુ છે તથા હત્યાનો ગુનો દાખલ થવો જોઈએ તેમ નિર્દેશ કર્યો છે. આ બાબતે ધ્યાનમાં કોરોના નિયમોનું પાલન નથી કરાવરાવ્યું તે બાબતો પકડીને કોઈ જાગૃત નરબંકો-વીરલો હાઇકોર્ટના નિર્દેશાનુસાર કોર્ટમાં કેસ ઠોકી દે તો તેનો રેલો અનેક રાજનેતાઓ,નેતાઓ, ઉમેદવારોના પગ તળે પહોંચી જઈ શકે તેમજ ઘણી રૂપા છૂપી બહાર આવી શકે.!? પરંતુ હાલમાં તો આ બાબત જો અને તો વચ્ચેજ.!?

દેશના ૧૧ રાજયો કોરોના હોટસ્પોટ બની ગયા છે અને હવે કદાચ તેમાં પશ્ચિમ બંગાળનો સમાવેશ થાય તો આશ્ચર્ય નહીં હોય. કારણ ઉત્તરાખંડ રાજ્ય સરકારે કુંભમેળા અનુસંધાને જે રીતે કોરોના નિયમોને ગણકાર્યા નહી.! અને પછીથી સેકડો મહંતો, સાધુ-સંતો સહિતના લોકો કોરોના પોઝિટિવ આવતા ખુદ કેન્દ્ર સરકારને કુંભ મેળો ટુકાવી દેવા વિનંતી કરવી પડે.. ત્યારે મેળામાં દેશભરમાંથી લોકો આવેલા હોય છે જેમાં સૌથી વધુ ઉત્તર પ્રદેશ, બિહારના શ્રધ્ધાળુઓ વધુ પ્રમાણમાં હોય છે. પરિણામે યુપીમાં કોરોના વિસ્ફોટ થયો. તો કુંભ મેળામાં ભાગ લેનારા કેટલાક કોરોના સ્પ્રેડર બની ગયા હશે.!જે પૈકીના કેટલાક ગુજરાતમાં પણ પહોંચી ગયા છે. દેશના મહારાષ્ટ્ર, ગુજરાત, મધ્ય પ્રદેશ, યુપી, કેરળ તમિલનાડુ, ઉત્તરાખંડ, પંજાબ, રાજસ્થાન, દિલ્હી સહિતનાં રાજ્યોમાં જે તે સરકારે સમરસ કે કોવિડ હોસ્પિટલનો ઉભી કરવા છતાં તમામ હોસ્પિટલો કોરોના દર્દીઓથી ચિક્કાર ભરાઈ ગઈ છે તથા હોસ્પિટલમાં દાખલ થવા દર્દીઓને લાઈનો લાગી છે.બીજી તરફ અનેક હોસ્પિટલોમા ઓક્સિજનની અછત ઉભી થતા સેંકડોને જીવ ગુમાવ્યા છે...રેમડેસિવીર અને દવાની અછત ઊભી થતાં દર્દીઓની હાલત ભગવાન ભરોસે જેવી બની રહી છે....આવા મહામારી ના સમયમાં આઈપીએલ મેચ યોજવા સામે લોકોમાં આક્રોશ વ્યાપી ગયો છે.

(તસવીરઃ પંકજ ડાભી)

લોકોને બે હાથ જોડીને વિનંતી કરૂ છું- બિનજરૂરી બહાર ના નીકળો, આઠ દિવસમાં આ સંક્રમણ આપણે તોડી નાંખવા માંગીએ છીએઃ મુખ્યમંત્રી

બજારના દ્રશ્યો કંઈક અલગ

લોકોએ નિયમોનું પાલન કરીને ઘરની બહાર ન નીકળવુ જોઈએ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) ગાંધીનગર.તા.૨૮

ગુજરાતમાં કોરોના કેસમાં આવેલા રોકેટગતિએ ઉછાળાની સ્થિતિને જોતા રૂપાણી સરકારે આજે સવારે રાજ્યના ૨૯ શહેરોમાં રાત્રિ કર્ફ્યૂના અમલની જાહેરાત કરી હતી.મુખ્યમંત્રીએ સોશિયલ મીડિયા મારફતે ગુજરાતની જનતાને સંબોધન કર્યું હતું. તેમણે આગામી આઠ દિવસમાં કેટલાક કડક પ્રતિબંધો તથા રાત્રિ કર્ફ્યૂ દ્વારા કોરોના પર વિજય મેળવવા લોકોને સાથે મળીને લડાઈમાં જોડાવા કહ્યું હતું. શહેરોના લોકોને બે હાથ જોડીને વિનંતી કરું છું, કે બિનજરૂરી બહાર ના નિકળે, લોકો પોતાના ઘરમાં જ રહે, આઠ દિવસમાં આ સંક્રમણ આપણે તોડી નાંખવા માંગીએ છીએ. બાકીના ગામડાઓને પણ વિનંતી કરવા માગું છું, ગામમાંથી કોઈ પોઝિટિવ આવે તેને ગામમાં જ ટ્રીટમેન્ટ આપવામાં આવે. ગામના તમામ જવાબદાર લોકો ગામના લોકોમાં જનજાગૃતિ લાવીને અભિયાન ચલાવીશું. સરકાર તમામ લોકોની સાથે છે, આવો આપણે સૌ સાથે મળીને એક જુથ થઈને કોરોના સામેની લડાઈ લડીએ. પણ ખરેખર લોકો નીયમોનું પાલન કરતા જોવા નથી મળતા. બજારોમાં હજુ પણ પહેલા જેવી જ લોકોની ભીડ જોવા મળે છે. અને સોશીયલ ડિસ્ટન્સનું પાલન કરવામાં આવતું નથી. લોકોએ ખરેખર પોતાની જવાબદારી સમજીને નિયમોનું કડક અમલ કરવો જોઇએ.

મોરબીમાં માવો લેવા નીકળેલા યુવકને આંતરી ચાર શખ્સોએ હુમલો કર્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

તું માપમાં રહેજે કહીને એક શખ્સે છરી ઝીંકી દીધી

રાજકોટ તા ૨૮

મોરબીના કાલિકા પ્લોટમાં રાત્રીના સમયે માવો લેવા નીકળેલા સંધિ યુવકને બે શખ્સોએ આંતરી તું કેમ ફરદીન પ્લેજા સાથે રખડે છે, તું માપમાં રહેજે, અમારી ઝપટે ચડ્યો તો જીવ ખોઈ બેસીશ કહીને બન્ને શખ્સોએ ઢીકાપાટુ નો મારમારી છરી વડે હુમલો કર્યા અંગેની ફરિયાદ નોંધાઈ છે.

મારામારીના બનાવ અંગે મોરબીની ન્યુ જનક સોસાયટીમાં રહેતા મકબુલભાઈ મહેબૂબભાઈ દલવાણી (ઉ.વ ૨૨) એ મોરબી પોલીસ સ્ટેશનમાં સાહિલ ઉર્ફ સાવો , ઇરફાન કરીમભાઈ, એજાજ આમદ ચણીયા , રમીજ હુસેન ચાનીયા સામે ઢીકાપાટુનો મારમાર્યા અંગેની ફરિયાદ નોંધાવી છે. પી.એસ.આઈ આર.પી.રાણાએ મારમારી, ધમકી આપ્યા અંગેનો ગુનો નોંધાયો છે.

ફરિયાદમાં મકબુલભાઈ દલવાણીએ જણાવ્યું છે કે ગત તા ૨૬ ના રોજ રાત્રીના જલાલ ચોકમાં પાનની દુકાને માવો લેવા ગયેલો હતો.ત્યારે ચારેય શખ્સોએ આંતરી જુ ના મનદુઃખમાં અને તું ફ્રેન્દિન પ્લેજા સાથે કેમ મિત્રતા રાખશ કહીને ખરાબ ગાળો ધાક ધમકી આપી ઢીકા પાટુનો મારમાર્યો હતો.જેમાં સાહિલ ઉર્ફ સાવોએ છરી વડે જીવલેણ હુમલો કરવાના પ્રયત્નો કરતા યુવક ખસી જતા હાથના ભાગે ઇજા થવા પામી હતી.

જયપુરથી ઓક્સિજનનો જથ્થો જામનગર લવાયો

જામગર:તા.૨૮

સૌરાષ્ટ્રની સૌથી મોટી હોસ્પિટલ ગુરૂ ગોવિંદસિંહ હોસ્પિટલ આવેલી છે. આ હોસ્પિટલમાં ૨ હજારથી વધુ કોરોનાગ્રસ્ત દર્દીઓ એડમીટ છે. હોસ્પિટલમાં ઓક્સિજનની અછત ના થાય તે માટે મેનેજમેન્ટ દ્વારા અગમચેતી પગલાં લેવામાં આવી રહ્યા છે.સોમવારના દિવસે જામનગરની મોટાભાગની હોસ્પિટલમાં ઓક્સિજનની અછત સર્જાઈ હતી. જામનગરમા ઉભી થયેલી ઓક્સિજનની અછતને દૂર કરવા માટે એરફોર્સની મદદ લેવામાં આવી હતી. એરફોર્સના વિમાનમાં જયપુરથી ઓક્સિજનની ટેન્ક જામનગર લાવવામાં આવી હતી. એરફોર્સ દ્વારાકોઇ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી પરતું એરફોર્સ ના ફેસબુક પેજ પર ફોટોગ્રાફ સાથે જયપુરથી ઓક્સિજનન જથ્થો જામનગર લાવવામાં આવ્યો છે તેની માહિતી મૂકવામાં આવી છે.

રાજકોટના સરધાર સ્વામિનારાયણ મંદિર દ્વારા ઓક્સિજન સાથે કોવિડ હોસ્પિટલ શરૂ

નિત્યસ્વરૂપદાસ સ્વામીની પ્રેરણાથી મંદિરમાં રાહત કેન્દ્રનો પ્રારંભ, દર્દીના સગાઓને પણ નિઃશુલ્ક ભોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૨૮

હાલ રાજકોટ જિલ્લામાં કોરોનાએ કાળો કેર વર્તાવ્યો છે. જિલ્લામાં વધતા કેસને લઇને તમામ હોસ્પિટલો ફૂલ થઇ ગઇ છે. ત્યારે રાજકોટ નજીક સરધાર ગામમાં સ્વામિનારાયણ મંદિર દ્વારા કોરોના રાહત કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. જેમાં દર્દીઓની સાથે સાથે તેમના સગાઓને પણ નિશુલ્ક ભોજન આપવામાં આવશે.

તીર્થધામ સ્વામિનારાયણ મંદિર સરધાર દ્વારા કોરોના રાહત સેવા કેન્દ્ર ભગવાન સ્વામિનારાયણનાસ્ત્રરોગાતુર મનુષ્યની યથાશક્તિ સેવા કરવીથ એ સંદેશા સાથે કોરોના મહામારીના વિપરીત કાળમાં સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા નિત્યસ્વરૂપદાસજીની પ્રેરણાથી કોરાનાથી સંક્રમિત દર્દીઓને સારી સારવાર ઉપલબ્ધ કરાવવાના આશયથી સેવાયજ્ઞરૂપે કોરાના રાહત સેવા કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો છે. દર્દીઓના સગા સંબંધીઓને નિઃશુલ્ક ભોજનની સુવિધા પણ મંદિર તરફથી આપવામાં આવશે. રજીસ્ટ્રેશન માટે ૯૦૭૦૬૦૨૦૬૦ પર સંપર્ક કરવાનો રહેશે. જરૂરિયાતમંદ વ્યક્તિઓએ આ નંબર પર ખાસ ફોન કરીને આવવાનું રહેશે. આ સેવાયજ્ઞમાં રૂપિયાનું દાન આપીને ભગવાન, સંતો અને દરિદ્રનારાયણના આશીર્વાદના અધિકારી બનીએ તેવી અપીલ સ્વામિનારાયણ મંદિર દ્વારા કરવામાં આવી છે.

કવી શ્રીદાદ બાપુ તથા મહેશદાનને શ્રધ્ધાંજલી પાઠવતા જ્યોતિ ક્રેડીટ સોસાયટીના માલિક

રાજકોટ.તા.૨૮

સોરાષ્ટ્ર, કચ્છ, કાઠીયાવાડના ઘરેણા સમાન ઉચ્ચ કોટીના કવી શ્રી દાદુદાન પ્રતાપદાન ગઢવીનું દુઃખદ અવસાન થતા સાહિત્ય જગતના ખોરડે ન પુરી શકાઈ એવી મોટી ખોટ પડી છે. મારા કલાસ મિત્ર સ્વ. મહેશદાન દાદુદાન ગઢવીને ઠાકરોજી વેકુંઠમા વાસ આપે એવી અરવિંદભાઈ મુરાશીયાએ પરમાત્માને પ્રાર્થના કરી છે.

કવી શ્રી દાદબાપુ માત્ર ચાર ચોપડી ભણીને નાનપણથી જ લખેલી કવીતાઓ, ભજનો, ગુજરાતી ફીલ્મી ગીતો સ્વ.મહેશદાન સાથે સને ૧૯૮૮ મા અમે ટયુશન ક્લાસ માથી છુટતી વખતે સાંભળવાતા એ કવીતામાં કાળજા કેરો કટકો મારો.. , ઠાકોરજી મારે ઘડવૈયા નથી.. , જેવી રચનાનો લલ્કાર આજે પણ કાનમાં ગુજે છે...

ઈશ્વર ઈચ્છા બહુ બળવાન છે કુદરતને જે ગમ્યુ એ સ્વીકારવાની શક્તિ દાદબાપુના પરીવાર ને સાહિત્ય જગતને તથા લોક સાહિત્યમાં રૂચી રાખનારને આપ સૌને આપે એવી પ્રાર્થના જ્યોતિ ક્રેડિટ કો.ઓપ. સોસાયટીના માલીક અરવિંદભાઈ જે. મુરશીયા કરી છે.

લોકડાઉનનો ભંગ કરવા બદલ પોલીસ વાહન જપ્ત કરી ન શકે : કોર્ટ

(એજન્સી સમાચાર)

અમદાવાદ,તા. ૨૮:

મેટ્રોપોલિટન કોર્ટે પોતાના એક આદેશમાં જણાવ્યું છે કે, લોકડાઉનનો ભંગ કરવા બદલ પોલીસ કોઈનું વાહન જપ્ત ના કરી શકે. આ આદેશ સાથે કોર્ટે દરિયાપુર પોલીસ દ્વારા જપ્ત કરાયેલી રિક્ષાને છોડી દેવા પણ આદેશ આપ્યો છે. કોર્ટમાં સરકાર લોકડાઉનના નિયમોમાં વાહન જપ્ત કરવા અંગેની કોઈ જોગવાઈ સરકાર કોર્ટમાં ના બતાવી શકતા આ આદેશ અપાયો હતો. આ કેસમાં ૨૯ માર્ચ ૨૦૨૦ના રોજ ઝાકિર શેખ નામના એક રિક્ષાચાલકને પોલીસે પ્રેમદરવાજા પાસે અટકાવ્યો હતો. તેની સામે લોકડાઉનનો ભંગ કરવાનો ગુનો દાખલ કરી પોલીસે તેની રિક્ષા મોટર વ્હીકલ એક્ટની કલમ ૨૦૭ હેઠળ જપ્ત કરી લીધી હતી.

મોટર વ્હીકલની કલમ ૨૦૭ હેઠળ એક વ્યકિતની રીક્ષા જપ્ત કરવામાં આવી હતીઃ કોર્ટના પ્રશ્નોનો સરકાર કે પોલીસ જવાબ ના આપી શકતા રિક્ષાને છોડી દેવા કોર્ટનો હુકમ

ઉલ્લેખનીય છે કે, ગુજરાત પોલીસે આ પ્રકારે લોકડાઉનમાં હજારો વાહનો જપ્ત કર્યા હતા. જોકે, ત્યારબાદ પોલીસ સ્ટેશનોમાં જગ્યા ખૂટી પડતાં વાહનો છોડવાનું શરુ કરવામાં આવ્યું હતું. ઝાકીર શેખની રિક્ષા પણ ગયા વર્ષથી પોલીસ સ્ટેશનમાં જ પડી હતી. આ અંગેનો કેસ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ વી.ડી. મોઢની કોર્ટમાં સુનાવણી માટે આવ્યો હતો. કોર્ટે સરકારી વકીલને સવાલ કર્યો હતો કે પોલીસ કલમ ૨૦૭ ક્યારે લગાવી શકે? જવાબમાં સરકારી વકીલ દ્વારા મોટર વ્હીકલ એક્ટની વિવિધ જોગવાઈ રજૂ કરવામાં આવી હતી. જોકે, કલમ ૨૦૭ હેઠળ વાહન ક્યારે જપ્ત કરી શકાય તેનો સ્પષ્ટ જવાબ સરકારી વકીલ નહોતા આપી શક્યા. કોર્ટે જણાવ્યું હતું કે, કલમ ૧૯૨ (૫) હેઠળ સરકારી અધિકારી નિયમનો ભંગ કરનારા પાસેથી માંડવાળ પેટે દંડ લઈ શકે. જો ગુનો માંડવાળ યોગ્ય ના હોય તો અધિકારી આરસી બુક જપ્ત કરીને વાહનના માલિકને તેની રિસિપ્ટ આપી શકે. કોર્ટે પોલીસને પણ સવાલ કર્યો હતો કે શું લોકડાઉનનો ભંગ કરનારાનું વાહન જપ્ત કરી શકાય? પરંતુ પોલીસ પણ તેનો જવાબ નહોતી આપી શકી. દરિયાપુર પોલીસ તેના માટે કોઈ દસ્તાવેજ કે રેકોર્ડ પણ રજૂ નહોતી કરી શકી. જેની નોંધ લેતા કોર્ટે જણાવ્યું હતું કે મોટર વ્હીકલ એક્ટની કલમ ૨૦૭ હેઠળ લોકડાઉનના ભંગના ગુનામાં કાર્યવાહી કરી શકાય નહીં. કોર્ટે દરિયાપુર પોલીસને ઝાકીર શેખની રિક્ષાને પણ તેમને પરત સોંપવા આદેશ કર્યો હતો.

કંડલા પોર્ટ ઉપર બે માલવાહક જહાજ વચ્ચે ટક્કર

એક જહાજની રેલીંગ તૂટી ગઇ : જાનહાનિ નથી

ભુજ,તા. ૨૮ :

કંડલા પોર્ટ ઉપર જહાજ આવતી જતી વેળાએ નાના મોટા અકસ્માતોની વણઝાર ચાલુ જ રહે છે. ફરી એક વાર અહીં બે જહાજ વચ્ચે ટક્કર થઈ છે. કોમર્શિયલ વ્હીકલ ભરેલ એમ.વી. ગ્લોરી જહાજનું લંગર કાઢીને પાયલોટ સ્ટેશન તરફ લઈ જવાતું હતું ત્યારે પાણીમાં રહેલ મોજાના વેવ વચ્ચે સંતુલન જાળવવામાં નિષ્ફળ રહેતાં નજીકમાં લાંગરેલા કોલસા ભરેલા જહાજ મેડોરા સાથે ટકરાયું હતું. જેમાં એક જહાજની રેલીંગ તૂટી ગઈ હતી. કોલસા ભરેલા મેડોરો જહાજને ખાલી કરવાની પ્રક્રિયા ચાલી રહી હતી ત્યારે આ ઘટના બની હતી. આ જહાજને ક્રેન અને બાર્જ દ્વારા ખાલી કરવાની પ્રક્રિયા રિશી શિપિંગ કંપની દ્વારા ચાલી રહી હતી. જોકે, આ ટક્કરમાં કોઈ વધુ નુકસાની થઈ નથી એવું રિશી શિપિંગના મનોજ મનસુખાનીએ જણાવ્યું હતું.

હું જયરાજસિંહ જાડેજાનો માણસ છું,તું મને ઓળખે છે કહી મેડિકલ ઓફિસરની ફરજમાં રૂકાવટ

મોરબી સિવિલ હોસ્પિટલમાં કોવિડ દર્દીનો ઝડપથી વારો લેવા માટે ડોકટરને ધમકી આપનાર ધવલ પંડ્યા સામે ગુનો નોંધાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા ૨૮

મોરબી સિવિલ હોસ્પિટલમાં ૫ અમારા દર્દીનો ક્યારે વારો છેય કહી મેડિકલ ઓફિસરને ગાળો ભાંડી ધમકી આપ્યા અંગેનો મોરબી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. પોલીસે ૫ પ પજયરાજસિંહ જાડેજા ૫ નો માણસ હોવાનું કહી ડોકટરને ધાક ધમકી આપનાર વિપ્ર યુવકને સકંજામાં લઈ વધુ પૂછપરછ હાથ ધરી છે.

બનાવ અંગે મોરબી -૨ માં તાલુકા પોલીસ લાઈન બ્લોક ૧ માં રહેતા મોરબી સિવિલમાં ડોકટર તરીકે ફરજ બજાવતા હિતેશ હરેશભાઇ ચાવડા (ઉ.વ ૨૬)ની ફરિયાદ પરથી મોરબી પોલીસે જન કલ્યાણ સોસાયટીમાં રહેતા ધવલ હર્ષદભાઈ પંડ્યાની સામે ફરજ રૂકાવટ, ધમકી આપ્યા અંગેનો ગુનો નોંધ્યો છે.

ડો.હિતેશ ચાવડાએ ફરિયાદમાં જણાવ્યું છે કે ગત તા ૨૭ ના રોજ કોવિડ વિભાગમાં મેડિકલ ઓફિસરની ફરજ ઉપર હતો.ત્યારે હોસ્પિટલમાં બેડ હાઉસફુલ હોવાથી ૧૦૮ નું વેઈટીંગ જોવા મળ્યું હતું. જે દરમિયાન ૧૩ દર્દીના વેઈટીંગમાં ટોકન નંબર ૧૨ ધરાવતા ધવલ પંડ્યાએ આવી ૫ હું જયરાજસિંહ જાડેજાથ નો માણસ છું , તું મને ઓળખે છે ૫ કહી ગાળો ભાંડવાનો શરૂ કર્યું હતું. મારો કાચલો પકડી મને મારવા જાય તે પૂર્વે સ્ટાફના ડો.હર્ષ કૈલા, ડો.હિતેશ સહિતના સ્ટાફે છોડાવી પોલીસને જાણ કરી હતી.

આરોપી ધવલ પંડ્યા અગાઉ પણ ડોકટરને સાત વખત દર્દીને લાઈનમાં વારો લેવા બાબતે પૂછી ચુક્યો હતો.જે બાબતે ડોકટર હિતેશ ચાવડાએ જણાવેલ કે બેડ ખાલી નથી, ટોકન મુજબ વારો આવશે કહી વાતચીત કરતા બન્ને વચ્ચે ચડભડ થયાનું પોલીસ તપાસમાં ખુલ્યું હતું.

વાચકોએ નોંધ લેવી

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૨૮-૦૪-૨૦૨૧, બુધવાર, ચૈત્ર વદ-૨, સૂર્યોદય-૬-૦૯, સૂર્યાસ્ત-૭-૦૩, જૈન નવકારશી-૮-૧૬, આજની રાશિ : તુલા(૨.ત.) , નક્ષત્રઃ વિશાખા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -

અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

દુઃખદ અવસાન



દિલગીરી સાથે જણાવવાનું કે દાદુદાન પ્રતાપદાન મિસણ (કવિ શ્રી "દાદ" બાપુ) તે મહેશદાન દાદુદાન મિસણ તથા વિષ્ણુદાન દાદુદાન મિસણ તથા જીતુદાન દાદુદાન મિસણ ના પિતાશ્રી તેમજ સુજીત મહેશદાન મિસણ તથા રૂષી મહેશદાન મિસણ તથા હેત વિષ્ણુદાન મિસણ તથા નિશીથ જીતુદાન મિસણ ના દાદાશ્રી નું તારીખ **26-4-2021** ના રોજ ટૂંકી બીમારી બાદ ધૂનાનાગામ ખાતે અવસાન થયેલ છે. ઈશ્વર ને ગમ્યું તે ખરૂ.

હાલના સંજોગો ને ધ્યાનમાં રાખીને લૌકીક પ્રથા બંધ રાખેલ છે. ટેલિફોનીક સાંત્વના તારીખ **29-4-2021** થી કોઈપણ દિવસે સાંજે **4** થી **6** દરમિયાન આપી શકાશે.

વિષ્ણુદાન દાદુદાન મિસણ **7861018439**
જીતુદાન દાદુદાન મિસણ **9825668585**
સુજીત મહેશદાન મિસણ **7226007061**
રૂષી મહેશદાન મિસણ **8128982161**

કાગદડી ગામમાં પિતાની સ્મૃતિમાં પુત્રએ
અતિ આધુનિક સ્મશાન ગૃહ બનાવ્યું

સ્વ.કાનજીભાઈ સંખાવરાના અવસાન બાદ પુત્ર રણછોડભાઈએ ચાર મહિનામાં જ આધુનિક સ્મશાન ગૃહનું નિર્માણ કર્યું: ગ્રામજનોએ પ્રશંસનીય કામગીરીને બિરદાવી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

રણછોડભાઈ કાનજીભાઈ સંખાવરાના પિતા સ્વ. કાનજીભાઈ રત્નાભાઈ સંખાવરાનું તા.૨૯ ના રોજ કાગદડી મુકામે અવસાન થયેલ. જેથી તેમની સ્મૃતિમાં (યાદી) તેમના પુત્ર રણછોડભાઈએ કંઈક યાદરૂપે બનાવવાનું નકકી કરેલ. અંતે કાગદડી ગામની જરૂરીયાતને ધ્યાને લેતા તેમજ ગામને એક સરસ અને સુંદર વ્યવસ્થાના ભાગરૂપે સુવિધા યુકિત સ્મશાન ગૃહ મળી રહે તેવું રણછોડભાઈ પરિવારજનોની સાથે ચર્ચાને અંતે નકકી કરવામાં આવેલું જેથી સ્વ. કાનજીભાઈ યાદીમાં એક ભવ્ય અને તમામ પ્રકારની સુવિધા યુકત સ્મશાન ગૃહ બનાવાનું આયોજન હાથ ધરેલ.

૪ (ચાર) માસના સખત પરીશ્રમના અંતે એક અદભૂત, અકલ્પનીય, અવલોકીક, આગવું અને આધુનિક સ્મશાન ગૃહનું નિર્માણ સંખાવરા પરિવારના વડીલ, મોભી અને કાગદડી ગામના સામાજીક અગ્રણીઓ અને મુકિતધામ સેવા સમિતી કાગદડી તથા રણછોડભાઈ કાનજીભાઈ સંખાવરાએ તેના પિતાની યાદગીરી રૂપે આધુનિક સ્મશાન ગૃહ બનાવેલ છે.

કાગદડી ગામે વરસો જુનું ખંઢેર સ્મશાન વિરાન ભુમી ઉપર આવેલ હતું તે જ જગ્યાએ આધુનિક ઢબે જોવા લાયક સ્મશાન ગૃહ બની ગયેલ છે. જેમાં સુંદર મજાનો બગીચો આકાર લઈ રહીયો છે. તેમજ વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલું છે અને સ્મશાન ગૃહ માટે જરૂરી સુવિધાઓ માટે હવાનો બોલ્ડ તેમજ વિશ્રામ માટેની વિવિધ સુવિધાઓ આ નવ નિર્મિત સ્મશાન ગૃહમાં આવેલ છે. આ નવ નિર્મિત સ્મશાન ગૃહ બનાવવા માટે રણછોડભાઈના પુત્રો કલ્પેશભાઈ, અજયભાઈ, જીતેન્દ્રભાઈ એ તન, મન અને ધનથી આ સેવાયજ્ઞમાં ફાળો આપેલ છે. તે પ્રસંન્ન કામગીરીને સમગ્ર કાગદડી ગામના ગ્રામજનોએ આવકાર સાથે બિરદાવેલ છે.

રણછોડભાઈ કાનજીભાઈ આ સેવા કાયેને ગ્રામજનો કાયમ માટે યાદ રાખશે તેવું કાગદડી ગામના સરપંચ તેમજ કાગદડી ગામના આગેવાનોએ જણાવેલ છે.

સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા સરકારને રજૂઆત
સૌરાષ્ટ્રના ગામડાઓમાં ભયાનક સ્થિતી
લોકોના જીવ બચાવવા સેવા સંસ્થાઓ આગળ આવે તેવો અનુરોધ

(અમારા પ્રતિનિધિ દ્વારા)
સુરત, તા.૨૮

સૌરાષ્ટ્રના ગામડાઓમાં ખુબ મોટી સંખ્યામાં લોકોના મોત થયા છે અને હજુ થઈ રહયા છે. આ ભયાનકતાને ધ્યાનમાં લઈ રાજ્ય સરકાર તાત્કાલીક પગલા લે. પ્રાથમીક સારવાર આપે તથા તાલુકા-જીલ્લા મથકે કોરોનાની સારવાર માટે આઇસોલેશન સેન્ટર્સ ઉભા કરવા સુરતથી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા ગુજરાત સરકારને રજુઆત કરી છે. તાત્કાલીક એકશન પ્લાન ઘડી પગલા ભરવાની તાતી જરૂરીયાત જણાવી છે.

સૌરાષ્ટ્રના અનેક ગામડાઓમાં ૧૦ થી ૩૦ જેટલા લોકોના મોત થયા છે. તમામ ગામડાઓ વ્યાપક રીતે સંક્રમીત થઈ ગયા છે. દર્દી ગંભીર બને છે ત્યારે નજીકમાં કોઇ નિદાન રીપોર્ટ કે સારવાર મળી શકતી નથી. સૌરાષ્ટ્રમાંથી ખુબ મોટી સંખ્યામાં કોરોનાના દર્દીઓ સુરત અથવા અમદાવાદ આવી રહયા છે. હવે સુરત-અમદાવાદમાં પણ ઓકસીઝન કે હોસ્પીટલમાં બેડ મળી શકે તેવી સ્થિતી નથી. ગામડાઓમાં મોટી સંખ્યામાં લોકો બિમાર છે. આવી સ્થિતિમાં દરેક ગામોમાં દરેક ઘેર ઘેર સર્વે કરી દર્દીઓને ઝડપથી શોધી પ્રાથમીક દવાઓ શરૂ કરવાની જરૂર છે. જે દર્દીઓને ઓકસીઝન અને સારવારની જરૂર છે. તેઓ માટે તાલુકા જીલ્લા મથકે સેવાભાવી સંસ્થાઓની મદદ લઇ આઇસોલેશન સેન્ટર શરૂ કરવાની જરૂર છે અને સુરતમાં ખુબ અસરકારક રીતે ચાલતા આઇસોલેશન સેન્ટરને મોડલ બનાવી વધુ લોકો બચાવી શકાય તેમ છે. સૌરાષ્ટ્રમાંથી ખુબ મોટી સંખ્યામાં દર્દીઓ સુરત આવી રહયા છે. તેવા દર્દીઓને ત્યાંજ સારવાર મળે તેવી વ્યવસ્થા યુદ્ધના ધોરણે શરૂ થાય તે માટે તાત્કાલીક વ્યવસ્થા કરવી. (૧૪.૯)

અમરેલી જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદ
ગીર પંથકમાં વ્યાપક વરસાદથી કેરીના પાકોને નુકશાની

(અમારા પ્રતિનિધિ દ્વારા)
અમરેલી, તા.૨૮

અમરેલી જિલ્લામાં એક તરફ કોરોનાની મહામારીએ ઉપાડો લીધો છે તો બીજી તરફ કમૌસમી વરસાદે જિલ્લાની જનતાની ચિંતા વધારી છે. વડિયા, કુંકાવાવ, ધારી, બાબરા, કોટડાપીઠા સહિતનાં પંથકમાં અર્ધાથી દોઢ ઈંચ જેટલા વરસાદનાં વાવડ મળી રહ્યાં છે.

ધારી પંથકના ગ્રામ્ય અડધોથી દોઢ ઈંચ વરસાદ વરસ્યો હતો.

ધારી પંથકના સરસીયા, ફાચરીયા, ગોવિંદપુર, સુખપુર, ખીચા, નવાગામ (ફતેગઢ) સહિતના ગામોમાં વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો અને ગાજવીજ અને પવન સાથે વરસાદ ચાલુ થયો હતો.

બાબરા પંથકમાં સતત બીજા દિવસે માવઠું થતા ખેડૂતો અને કોટન જિન માલિકમાં ચિંતાની લાગણી પ્રસરી ગઈ હતી.

ધારીના ગીર કાંઠાના સુખપુર, ક્રાંગસા સહિતના ગામો તથા જંગલમાં ભારે વરસાદના કારણે નદીઓમાં પુર આવ્યા હતા. જે નદીઓ ખાલીખમ્મ ભાસતી હતી તે નદીઓમાં પાણી વહી રહયા હતા. અને આ વિસ્તારોમાં એકથી દોઢઈંચ જેટલો વરસાદ વરસી ગયાનું લોકોએ જણાવ્યું હતું.

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

ગોંડલના જામવાડી જી.આઈ.ડી.સી માં ૨૪ લાખનો દારૂ પકડાયો

વિસ્તારમાં રાત્રી પેટ્રોલિંગમાં હતા ત્યારે સ્ટાફને મળેલી ચોક્કસ બાતમીના આધારે ગોંડલના જામવાડી જી.આઈ.ડી.સી માં આવેલા ઉર્જા ઇન્ડસ્ટ્રીઝ એસ્ટેટમાં ગોલ્ડન એગ્રી એક્સપોર્ટ નામના કારખાનાની બાજુમાં આવેલા ગોડાઉન (સેડ)માં દારૂનું કટીંગ થતું હોવાની બાતમી પરથી પોલીસે રેડ કરતા રાજકોટનો નામ ચીન બુટલેગર ધવલ રસિક સાવલીયા, સાદાબ મુન્તીયાઝ થાન (રહે. રાજકોટ ગોંડલ રોડ ચોકડી રાજકમલ પેટ્રોલપંપ પાસે), રસુલ નવાબ થાન, રાહુલ અમરત માલી (રહે. અમદાવાદ મેઘાણી નગર), હરીશ બાબુલાલ માલી, લોકેશ લાલુરામજી રેગલ (રહે. રાજસ્થાન), રામલાલ ચુનીલાલ મેઘવાળા તથા હસમુખ રમેશ વાઘેલા (રહે. અમદાવાદ મેઘાણીનગર) સહિત આઠ શખ્સોની પોલીસે ધરપકડ કરી કારખાનાના સેડમાંથી અલગ-અલગ બ્રાંડની વિદેશી દારૂની ૭૬૪૮ બોટલ કિમત રૂ. ૨૪૦૪૮૦૦ તથા અશોક લેલેન્ડ, ટાટા ૪૦૭ તથા હયુન્ડાઈ આઈ.ટેન કાર મળી કુલ રૂ.૪૦૪૧૯૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી નામચીન બુટલેગર ધવલ સાવલીયા સહિત આઠ શખ્સોની પોલીસે ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટ રૈયા રોડ પર ખુલ્લા મોંઢે ધંધો કરતા રેકડી અને પાથરણાવાડા

ઉભી થઇ છે. મનપાની આરોગ્ય ટીમને તો આ વિસ્તારમાંથી નિકળતી વખતે જાણે કે આંખે અંધારા આવી જતા હોય એમ લાગે છે. રૈયારોડ વિસ્તારની ચા-પાનની કેટલીય દુકાનોને કોવિડ પ્રોટોકોલના ભંગ બદલ અને ભીડ ભેગી કરવા બદલ સીલ કરવામાં આવી છે. એ સમયે અહીં કાર્યવાહી કરવા આવેલી મનપા અને ચોકમાં ગોઠવાયેલી પોલીસને માસ્ક વીના ધંધો કરતા આ ધંધાર્થીઓ બીલકુલ નજરે ચડતા નથી તેની લોકોમાં ભારે ટીકા થઇ રહી છે. જો આ લારી વાળાને કોઇ સમજદાર બહેન માસ્ક પહેરવાનું સમજાવે તો એ લારીવાળો લાજવાને બદલે ગાજવા માંડે છે અને રાબેતા મુજબ ઉધ્ધત થઇ જાય છે. રૈયા રોડ પર સોજીત્રા નગરમાં ઉભા રહેતા અનેક લારી વાળાઓ સામે આવી ફરીયાદો ઉઠી છે. પણ મનપાનો સ્ટાફ કોઇ પગલા લેતો નથી. તેનું રહસ્ય શું છે એ લોકોને સમજાતું નથી. અહીં ધંધો કરી રહેલા લારી-ગલ્લાવાળા એમની આજીવીકા માટે ધંધો કરે તેની સામે કોઇને વાંધો ન હોય પરંતુ જયારે કોરોનાનું સંક્રમણ શહેરમાં બેકાબુ બની રહયું હોય ત્યારે માસ્ક સહિતના કોવિડ નિયમોનું આ તમામ ધંધાર્થીઓએ ચુસ્ત પણે પાલન કરવું જોઇએ. એમને નિયમોમાંથી આવી કોઇ આપવામાં આવી નથી. જો આ ધંધાર્થીઓ સમજે નહીં તો મનપાના આરોગ્ય વિભાગે અને પોલીસે પણ કડકમાં કડક પગલા લેવા જોઇએ તેવી લોક લાગણી છે.

શું બંધ રહેશે?

તમામ મોલ અને કોમર્સીયલ કોમ્પલેક્ષ બંધ રહેશે. તદ્ઉપરાંત તમામ માર્કેટીંગ યાર્ડ બંધ રહેશે ત્યાં માત્ર શાકભાજી અને ફળ-ફળાદીનું વેંચાણ ચાલુ રહેશે. વેંચાણમાં પણ કોવિડ પ્રોટોકોલનું કડક પાલન કરવું પડશે. લગ્ન માટે મહતમ ૫૦ વ્યકિતને મંજુરી અપાશે લગ્ન માટે ડીજીટલ ગુજરાત પોર્ટલ પર નોંધણી કરવાની રહેશે. અંતિમવિધિ માટે ૨૦ વ્યકિત હાજર રહી શકશે. તમામ સરકારી, અર્ધસરકારી, બોર્ડ, કોર્પોરેશન બેંક, ફાયન્સ સેવાઓ, કેસ ટ્રાન્ઝેકશન સેવાઓ, બેંકના કલીયરીંગ હાઉસ, શેર બજારો, શેર દલાલ કચેરી, વિમા કંપનીઓ અને તમામ ખાનગી ઓફિસોમાં કર્મચારીઓની સંખ્યા ૫૦ ટકા રાખવાની રહેશે. આવશ્યક સેવાઓને આ લાગુ નહીં પડે. તમામ રાજકીય, સામાજીક, ધાર્મીક, સાંસ્કૃતિક, શૈક્ષણિક મેળાવડા સદનતર બંધ રહેશે. પ્રેસકોની હાજરી વગર સ્ટેડીયમ અને રમત-ગમત કોમ્પલેસમાં રમત-ગમત ચાલુ રાખી શકાશે. ધાર્મીક સ્થાનો જાહેર જનતા માટે બંધ રહેશે, પબ્લીક બસ ટ્રાન્સફોટ સેવા ૫૦ ટકા ઉતારૂ સાથે જ ચાલુ રાખી શકાશે. અન્ય રાજયોમાંથી આવતા મુસાફરોને આરટીપીસીઆર ટેસ્ટ સહિતની સરકારી સુચનાઓ લાગુ રહેશે. દરેકે ફેસ સીલ્ડ-માસ્ક અને સામાજીક અંતરનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

કચ્છથી આસામ સુધી ભુકંપના પ્રચંડ આંચકા

અને બધાને સાવચેત તથા સજાગ રહેવા અનુરોધ કરૂ છું. આસામના આરોગ્ય મંત્રીએ તુટી પડેલ દીવાલોની તસ્વીરો સોશીયલ મીડિયા પર મુકી હતી. રાજયમાં કેટલુ નુકશાન થયું છે તેનું સર્વેસણ પણ તાકિદના ધોરણે શરૂ કરવામાં આવ્યું છે હજુ સુધી જાનહાની કે નુકશાનની પુરી વિગતો મળી નથી.જો કે અનેક ઇમારતોને નુકશાન થયાનું આસામ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીએ જણાવ્યું હતું. આસામના સોણીત પુરમાં ભુકંપની સૌથી વધુ અસર જોવા મળી છે. કેન્દ્ર અને રાજય સરકાર બન્ને નુકશાનીનો અંદાજ કાઢી રહયા છે. મુખ્ય આંચકો ૬.૪ જેવી તીવ્રતાનો હતો ત્યાર બાદ ૪.૪ની તીવ્રતાના ત્રણ આફટર શોક આવ્યા હતા. ઉત્તર બંગાળમાં કુચ્ચબિહાર, માલદા, જલપાઇગુરી, સીલીગુડી, મુરસીદાબાદ વગેરે વિસ્તારોમાં આંચકા લાગ્યા હતા. બંગાળના આંચકાનું કેન્દ્ર બીંદુ તેજપુર પાસે નોંધાયું હતું. કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહે ચિંતા વ્યકત કરી હતી અને લોકોની સુરક્ષા તથા કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી.

ગુજરાતમાં સૌથી વધુ હાલત ખરાબ મુખ્યમંત્રીના હોમ ટાઉનમાં : મોઢવાડિયા

નેતાઓ ઓક્સિજનના ૩ બાટલાનું વિતરણ કરવા ફોટો પડાવવા ઉભા રહી જાય છે. વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યના મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ૫ લાખ રેમડેસિવિર ઇન્જેક્શનનું વિતરણ અને ૨ લાખ કોરોનાના કેસો નોંધાયા છે. સરકાર કોરોનાના કેસો અને મોતના આંકડા છુપાવી રહ્યાનો અર્જુનભાઈએ આક્ષેપ કર્યો હતો. કોરોના મહામારીમાં સરકાર અહંકાર છોડી સર્વપક્ષીય બેઠક બોલાવવી જોઈએ. ઓક્સિજન પ્રોડક્ટ્સની નહીં ટ્રાન્સપોર્ટની તકલીફ છે. તે તાકિદે પ્રશ્ન ઉકેલવો જોઈએ. કોંગ્રેસ દ્વારા ટૂંક સમયમાં હેલ્થ સેન્ટર શરૂ કરશે. સરકાર સંવેદનશીલ બને. વેન્ટીલેટરના અભાવથી દર્દીઓના મોત થઇ રહ્યા છે. સરકારે વેન્ટીલેટર વધુમાં વધુ ફાળવવા જોઈએ. દુનિયાના નિષ્ણાંતોએ સરકારને ચેતવણી આપી હતી કે, કોરોનાનાની બીજી સુનામી આવશે છતાં સરકારે ગંભીરતાની નોંધ લીધી ન હતી તેમ આકરા પ્રહારો કરી આક્ષેપો કર્યા હતા.

ચાલુ રહેનારી સેવાઓ?

એલપીજી-સીએનજી-પીએનજીના પમ્પ, પ્રોડકશન યુનીટ, લોડીંગ, ટર્મીનલ ડેપો,પ્લાન્ટ અને તેને લગતા ટ્રાન્સપોર્ટેશન વિતરણ અને રીપેરીંગ ચાલુ રહેશે. પોસ્ટ અને કુરીયર સેવા, ખાનગી સીકયુરીટી, પશુ આહાર, ઘાસ ચારો, પશુઓની દવા અને સારવારની સેવા, કૃષી કામગીરી તેને લગતી આવશ્યક સેવાઓના ઉત્પાદન અને વિતરણની સેવા ચાલુ રહેશે. આવશ્યક ચીજોના પરીવહન, સંગ્રહ અને વિતરણની સેવા ચાલુ રહેશે. તમામ પ્રકારના ઉત્પાદન અને ઉદ્યોગ એકમો તથા તેને કાચો માલ પુરો પાડતા એકમ ચાલુ રહેશે. બાંધકામની પ્રવૃતિઓ ચાલુ રહેશે પણ કોવિડના નિયમોનું કડક પાલન કરવું પડશે.

આજે બપોરે ૨ વાગ્યા સુધીમાં ૧૪૨ નવા કેસ

હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. શહેરમાં અત્યાર સુધીમાં કુલ ૨૭૧૬૭ દર્દીઓ સાજા થઇને ઘરે પહોંચી ગયા છે. આજ સુધીનો રિકવરી રેઇટ ૮૫.૪ ટકા રહયો છે. શહેરમાં અત્યાર સુધીમાં ૯,૭૨,૬૩૦ લોકોનું ટેસ્ટીંગ કરવામાં આવ્યું છે. પોઝિટિવીટી રેઇટ પણ ઘટયો છે.

મનપાની મુખ્ય કચેરીના સિવિક સેન્ટરોમાં
જન્મ-મરણ નોંધણી વિભાગમાં મુલાકાત લેતા મેયર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ,તા.૨૮: કોરોનાની વર્તમાન પરિસ્થિતિમાં મહાનગરપાલિકાની સેન્ટર ઝોન કચેરીમાં સિવિક સેન્ટરમાં આવેલ જન્મ-મરણ નોંધણી વિભાગમાં દાખલા કઢાવવા આવતા લોકોની સુવિધા માટે ગઈકાલે તા.૨૭ ના રોજ મેયર ડો.પ્રદિપ ડવએ સિવિક સેન્ટરમાં આવેલ જન્મ-મરણ વિભાગની મુલાકાત લીધેલ. સ્થળ મુલાકાત વખતે આરોગ્ય અધિકારી ડો.લલિત વાજા સાથે રહેલ. જન્મ-મરણ વિભાગની સ્થિતિ જોતા મેયરએ ડે.કમિશનરને દાખલા કરાવાનું કાઉન્ટર અને સ્ટાફ વધારવા તેમજ દાખલા કઢાવવા માટે આવનાર વ્યક્તિ સોશ્યલ ડિસ્ટન્સ રાખીને બેસી શકે તે માટે ખુરશી તથા પાણીની વ્યવસ્થા કરવા જણાવેલ.

લીલીયાનાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ધારાસભ્યનાં સહયોગથી કોવિડ કેર સેન્ટર શરૂ
ટિફિન, ઓકિસજનની વ્યવસ્થા યુવી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવશે

(અમારા પ્રતિનિધિ દ્વારા)
અમરેલી તા.૨૮

અમરેલી જિલ્લાના ગામડે ગામડે કોરોનાએ પગપેસારો કર્યો હોય દરેક તાલુકા મથકો અને મોટા ગામો ખાતે કોવિડ કેર સેન્ટરની જરૂરિયાત ઉભી થઈ હોય તેવા સમયે સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય પ્રતાપ દુધાતે લીલીયા મોટાના સામૂહિક આરોગ્યકેન્દ્ર ખાતે આરોગ્ય વિભાગની સંગાથે રહીને કોવિડ કેર સેન્ટર શરૂ કરાવેલ છે.

મોરબીમાં બે મહીને અપાતા વીજબીલથી લોકોમાં રોષ
ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ લાલજી મહેતાએ ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

મોરબી શહેર જીલ્લા ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ લાલજીભાઈ મહેતાએ જી.ઈ.બી. તંત્ર દ્વારા વિજબિલ બે મહિનાને બદલે દર માસે ગ્રાહકોને આપવા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી હતી.

કોરોનાના કારણે સમગ્ર દેશમાં પ્રજા હાડમારી ભોગવી રહી છે. મોરબીમાં કોરોનાના કેસો વધી રહ્યા છે. રોજગારી મેળવવા લોકોને ખુબ મુશ્કેલી પડી રહી છે.

ગરમીની સીઝન છે. માણસ પંખાને એ.સી. વાપરી રહ્યા છે પરંતુ જી.ઈ.બી. બોર્ડને વારંવાર કહેવા છતાં બે મહિને લાઈટ બિલ આપે છે. બે મહિનાનું બિલ આપે તો યુનિટ વધી જાય અને ગ્રાહકને ભાવ વધારે આપવો પડે. દર બે મહિને અપાતા વિજબીલથી લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

અવસાન નોંધ

રાજકોટ: રાજગોર બ્રહ્માણ હાલ રાજકોટ (મૂળ ધ્રાફા) જયાબેન મહેતા (ઉ.વ.૮૪) તે મગનભાઈના પત્ની તથા હર્ષાબેન (અમદાવાદ), મીનાબેન (સુરત) અને ભાવનાબેન (રાજકોટ) ના માતાનું તા.૨૬ ના રોજ અવસાન થયું છે. સદ્ગતની વિધિ કુટુંબ પુરતી મર્યાદિત રાખેલ છે. મગનભાઈ મહેતા- ૯૪૨૬૧૮૫૨૩૧, હર્ષાબેન જોશી- ૯૯૨૫૩૮૯૩૬૦, મીનાબેન જાની- ૯૯૭૮૮૭૬૪૭૫, ભાવનાબેન પંડ્યા- ૮૧૨૮૫૦૦૯૫૫.

રાજકોટ: કમળાબેન સોલંકી (ઉ.વ.૭૪) તે સ્વ.રમણીકભાઈ પત્ની તથા પ્રવિણભાઈ, ભારતીબેન રાઠોડ, નયનાબેન પરમારના માતા, જેન્તીભાઈ પરમારના મોટાબહેનનું તા.૨૫ ને રવિવારે અવસાન થયું છે. ટેલીફોનીક બેસણું તા.૨૯ ને ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬ રાખેલ છે. પ્રવિણભાઈ મો.૯૯૨૪૧૨૦૨૨૬, રાજેશભાઈ મો.૯૬૬૭૦૩૪૮૫૦, દીનેશભાઈ મો.૯૮૭૯૯૬૧૭૫૨, જેન્તીભાઈ મો.૯૪૦૯૫૭૭૭૧૪.

રાજકોટ: ભાડલા નિવાસી હાલ રાજકોટ ઔદિચ્ય ગુજરાતી સાડા ચારસો બ્રાહ્મણ મનીષ બાબુલાલ વ્યાસ (ઉ.વ.૪૫), તે બાબુલાલ વેણીરામભાઇ વ્યાસના મોટા પુત્ર, રશ્મિબેન હિતેશકુમાર રાજ્યગુરૂ અને આશીષભાઇ વ્યાસના ભાઇ, જયંતીલાલ પ્રેમશંકર રાવલ (ઘૂંટુ)ના જમાઇનું તા. ૨૭ને મંગળવારે અવસાન થયું છે. પ્રવર્તમાન સંજોગોને આધીન સદ્ગતનું ટેલિફોનીક બેસણું તા. ૨૯ને ગુરૂવારે સાંજે ૫ થી ૬ રાખેલ છે. આશિષભાઇ વ્યાસ, મો. ૯૯૦૪૦૫૦૨૫૨, નયનભાઇ વ્યાસ. મો. ૯૮૨૪૯૯૨૮૧૫, શક્તિભાઇ રાવલ, મો. ૯૯૦૯૫૪૮૨૮૨

રાજકોટ: કલાવતીબેન ચુનીલાલ કારીયા (ઉ.વ.૮૪) તે સ્વ.ચુનીલાલ કેશવજી કારીયાના પત્ની તથા યોગેશભાઈ, પરેશભાઈ, બલરામભાઈ તેમજ રીટાબેન યોગેશભાઈ મીરાણી (મુંબઈ) તથા પુનમબેન પરેશકુમાર રાયચુરા (અમદાવાદ) ના માતાનું તા.૨૬ ના રોજ અવસાન થયું છે. ટેલીફોનીક બેસણું તા.૨૭ ના રોજ સાંજે ૪ થી ૬ રાખેલ છે. યોગેશભાઈ ૯૫૧૦૬૬૯૯૮૩, પારસભાઈ ૯૩૭૭૨૧૧૦૧૧, બલરામભાઈ ૯૫૫૮૦૯૯૯૯૯, રીટાબેન ૯૮૨૦૨૨૫૬૨૯, પુનમબેન ૮૨૦૦૫૬૬૩૭૨

રાજકોટ: ધીરજલાલ છગનલાલ દલાલ, (ઉ.વ.૮૮) તે સ્વ.છગનલાલ કમળશીભાઈના પુત્ર, સ્વ.હેમલતાબેનના પતિ, નિમિષભાઈ દલાલના પિતા, નિતાબેનના સસરા, ધારા રૂપિતભાઈ બુવારીયા, નેન્સી જયભાઈ બુવારીયાના તથા આધીયા બુવારીયા દાદા, નયનાબેન દક્ષીણી, ઉષાબેન માંડવીયા, સોનીયાબેન નાગ્રેચા, પ્રીતિબેન પાલેજાના પિતાનું તા.૨૭ ના રોજ અવસાન થયેલ છે. ટેલીફોનીક બેસણું તા.૨૯ ને ગુરુવારના સાંજે ૪ થી ૬ રાખેલ છે.

રાજકોટ: દેરાવાસી જૈન ઈન્દીરાબેન વિનોદચંદ્ર જસાણી (ઉ.વ.૮૩) તે સ્વ.વિનોદચંદ્ર અમૃતલાલ જસાણીનાં પત્ની, પિયુષભાઈ તથા જાગૃતીબેનના માતા, તે સ્વ.શાંતીલાલ ખેતશી દોશીનાં પુત્રી, સ્મીતાબેન જસાણી તથા પરેશભાઈ મહેતાના સાસુ, પ્રિતેશ, પ્રાંચી, દીશા અને મીતલના દાદી, આનંદ અને ઉમંગના નાની, પ્રિયાનના મોટાદાદી અને કીયાનનાં મોટાનાનીનું તા.૨૭ મંગળવારનાં રોજ અવસાન થયેલ છે. ટેલીફોનીક બેસણું તા.૨૯ નાં ગુરૂવારે સાંજે ૪ થી ૬ રાખેલ છે. પિયુષભાઈ જસાણી ૯૩૧૩૩૬૧૯૧૭, સ્મીતાબેન જસાણી ૯૭૨૪૩૦૩૭૬૫

રાજકોટ: જેન્તીભાઈ ધામેલીયા, (ઉ.વ.૭૯) (વાળંદ-મૂળ અરડોઈ વાળા હાલ રાજકોટ) તે મંજુબેનના પતિ, તથા સીમાબેન, મીનાબેન, સંજયભાઈ, તૃપ્તિબેનના પિતા તથા કિશોરભાઈ, જગદીશભાઈ, સ્વ. મહેન્દ્રભાઈના મોટાભાઈ તથા બકુલભાઈ, સ્વ.અશોકભાઈ, દિપકભાઈ ના સસરા તથા નાનુભાઈ જોટંગીયા, વજુભાઈ, નટુભાઈ, દિનેશભાઈના બનેવીનું તા.૨૬ ના રોજ અવસાન થયેલ છે. ટેલોફોનીક બેસણું તા.૩૦ ના રોજ સવારે ૧૦ થી ૬ રાખેલ છે. સંજયભાઈ મો. ૭૮૭૮૨૯૦૯૦૯, ૯૭૨૪૯૯૬૬૩૪, ૯૫૭૪૯૮૦૮૫૦, ૯૯૭૪૭૪૧૩૭૪

મોટાદડવા: વેપારી અગ્રણી લવજીભાઈ પ્રાગજીભાઈ ઠકરાર (ઉ.વ.૮૪)તે સ્વ.જમણભાઈ, મગનભાઈના નાનાભાઈ તથા મહેશભાઈ, દિપકભાઈ તથા પરેશભાઈ, નિશાબેન, હિનાબેનના પિતા તથા સ્વ.મણિલાલ, સ્વ.શાંતીલાલ જસાણીના બનેવીનું અવસાન થયું છે. ટેલીફોનીક બેસણું તા.૩૦ ને શુક્રવારે ૪ થી ૬ રાખેલ છે. મહેશભાઈ મો.૯૪૨૮૨૨૬૬૭૫, દિપકભાઈ ૭૪૮૬૮૫૮૬૪૦

વિનામૂલ્યે ઓકિસજન સેવા શરૂ કરતી સંસ્થાઓ

દામનગરમાં કોરોના દર્દીના સગાઓ ઓકિસજન બાટલા મેળવી શકશે

(અમારા પ્રતિનિધિ દ્વારા)
દામનગર,તા.૨૮

દામનગર શહેરમાં વિનામૂલ્યે ઓક્સિજન સેવા શરૂ કરતી સંસ્થા જીવદયા પરિવાર ટ્રસ્ટ નંદીશાળા સૂર્યમુખી ધૂન મંડળ સરદાર ધૂન મંડળ દ્વારા કોવિડ ૧૯ ની મહામારીમાં જરૂરિયાતમંદ દર્દી નારાયણો માટે ઓક્સિજન સેવા શરૂ કરાઇ વિના મૂલ્યે ઓક્સિજન માટે ડેઝીગનેટેડ તબીબ દ્વારા કોવિડ સેન્ટરમાં સારવાર લેતા દર્દીઓ માટે ફ્રી ઓક્સિજન મેળવવા માન્ય કોવિડ સેન્ટર આઈસોલેશન વોર્ડ ડોકટરનું પ્રિસ્કપશન દર્દી નું આધાર કાર્ડ ઝેરીક્ષ સાથે લઈ જવું

કોવિડ ૧૯ ની મહામારીમાં ઓક્સિજન લેવલ ઘટતું હોય અને જરૂરિયાતમંદ દર્દી માન્ય કોવિડ કેર સેન્ટર સારવાર હેઠળ હોય ડોકટર દ્વારા પ્રિસ્કાયબ કરાયું હોયતેવા દર્દીઓના સગાઓ પરિવારજનોએ જીવદયા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ મનસુખભાઈ શામજીભાઈ નારોલા મો.નંબર ૯૮૭૯૫૭૭૦૧૯ અને સૂર્યમુખી ધૂન મંડળના પ્રમુખ ઇશ્વભાઈ ભીખાભાઈ નારોલા મો.નંબર ૯૪૨૭૧૬૧૮૫૦ ઉપર સંપર્ક કરવો.(૧૪.૭)

ભવ્યતાથી ઉજવાતી હનુમાન જયંતીની સાદગી સભર ઉજવણી
દામનગરની મુખ્ય બજારના સમસ્ત રોકડીયા સેવક સમુદાય તરફથી ઉજવણી સંપૂર્ણ બંધ રખાઈ

(અમારા પ્રતિનિધિ દ્વારા)
દામનગર,તા.૨૮

દામનગર શહેરની મુખ્ય બજારમાં બિરાજતા રોકડીયા હનુમાનજી મંદિરે હનુમાન જયંતીની સાદગી સભર ઉજવણી કરાઈ મુખ્ય બજારમાં બિરાજતા રોકડીયા હનુમાનજીની જન્મ જયંતી દર વર્ષે ભવ્યાતિભવ્ય ઉજવાતી હતી.આ વર્ષે કોવિડ ૧૯ ની મહામારીને ધ્યાને રાખી મુખ્ય બજારના સમસ્ત રોકડીયા સેવક સમુદાય તરફથી સંપૂર્ણ ઉજવણી બંધ રખાઈ હતી શહેરની મુખ્ય બજારમાં બિરાજતા રોકડીયા હનુમાનજીના દર્શન બાદ જ ધંધા રોજગાર વેપારનો પ્રારંભ કરતા વેપારીઓ પ્રગાઢ અસ્થા અને પુરી શ્રદ્ધાભાવ થી રોકડીયા હનુમાનજીની જન્મ જયંતી ઉજવે છે પણ આ વર્ષે સંપૂર્ણ સાદગી સભર ઉજવાય હતી.(૧૪.૮)

મોરબીના ધૂળકોટ ગામે જુગાર રમતા ચાર પકડાયા

(અમારા પ્રતિનિધિ દ્વારા) મોરબી, તા.૨૮: મોરબીના ધૂળકોટ ગામે જુગાર ખેલાઈ રહ્યો હોવાની ચોક્કસ બાતમીના આધારે મોરબી તાલુકા પોલીસે દરોડા પાડી જુગાર રમતા અમરશી તુલશી ચોટલીયા, નરશી લાલજી સાપરીયા, જયંતીલાલ રાઘવાણી, અમરશી કેશવજી રાઘવાણીની ધરપકડ કરી પોલીસે રૂ. ૧૬,૪૪૦ ની રોકડ કબજે કરી હતી.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

રાજકોટમાં કોરોનાથી મોતની રફતારને થોડી બ્રેક : ૫૩નાં મૃત્યુ

તો ૧૦૦-૧૦૦ મોત થયાનું નોંધાયું છે. સુરતમાં હજુ પણ ઓક્સિજનની અછત યથાવત રહી છે. દરરોજ ૧૦૦ ટન મેડિકલ ઓક્સિજનની ઘટ પડી રહી છે. આણંદમાં તા.૫ મે સુધી સંપુર્ણ લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે.સુરતમાં ઓક્સિજનના પુરવઠા અને સ્ટોકની જાળવણી તથા નિરિક્ષણ કરવા માટે સરકારે ત્રણ નોડલ ઓફિસરની નિમણુંક કરી છે. મહાનગરો સહિત ૨૯ શહેરોમાં નાઇટ કર્ફ્યુ લાદવામાં આવ્યો હોવાથી તમામ આર્થીક પ્રવૃતિઓને બ્રેક લાગી છે. રાજ્યભરમાં આવશ્યક સેવાઓ સીવાય તમામ વ્યાપારી અને આર્થીક ગતિ-વિધિઓ આજથી બંધ થઇ જશે. માત્ર આવશ્યક ચીજ વસ્તુઓનું વેચારણ ચાલુ રહેશે. અમદાવાદમાં કોરોનાની સારવાર લઇ રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાકી નર્મદાબેનનું આજે સારવાર દરમ્યાન મૃત્યુ થયું હતું. અમદાવાદમાં કોરોના સિવાયના અન્ય ગંભીર દર્દીઓ માટે લોહીની ભારે ખેચ ઉભી થવા પામી છે. થેલેસેમીયાના રોગીઓ અને અન્ય ગંભીર દર્દીઓ માટે બ્લડ ખુટી પડયું છે તાત્કાલીક લોકો રકતદાન કરવા મોટા પાયે આગળ આવે એવા પોકારો હોસ્પિટલમાંથી ઉઠી રહયા છે. રસીકરણ કરાવનાર વ્યકિત ૬૦ દિવસ બાદ રકતદાન કરી શકે છે. એ સિવાયના તમામ સ્વસ્થ લોકોને ગંભીર દર્દીઓ માટે તાબડતોબ રકતદાન કરવા જાહેર અપીલ કરવામાં આવી છે. અમદાવાદમાં બોપલ-ગોતા અને મણીનગર જેવા વિસ્તારોમાં કોરોના વધુને વધુ બેકાબુ બની રહયો છે. અમદાવાદ જીએમડીસીમાં મોટા ઉપાડે શરૂ કરવામાં આવેલી કોરોનાની વિશાળકાય હોસ્પિટલમાં ખુબ જ ગોકળ ગાયની ગતીથી કામ ચાલી રહયું હોવાથી કોરોના દર્દીઓની હાડમારીમાં વધારો થયો છે. ત્રણ દિવસમાં માંડ ૨૦ ટકા કોરોના દર્દીઓને દાખલ કરી શકાયા છે જેથી દર્દીઓના પરીજનોમાં ભારે દેકારો મચી ગયો છે.

હાશ! મેના મધ્યમાં કોરોના મંદ પડશે, જુલાઇમાં સાવ રાહત

અંત અને મેની શરૂઆતમાં આવશે. એ બાદ કેસ ઓછા થઈ જશે. આ ગ્રાફ તેમણે હત વર્ષ ફેલાયેલા સંક્રમણના આધાર પર બનાવીને તૈયાર કર્યો છે. તેમનું માનવું છે કે આ કોરોના વાયરસ ૭ દિવસ સુધી વધારે અસરકારક રહેશે. દેશમાં જે રાજયોમાં કોરોના વધારે ઘાતક છે ત્યાંના કેસ અને વાયરસનું અધ્યયન કરતા ડેટા અનુસાર ગ્રાફ તૈયાર કર્યો છે. દરેક રાજયો માટે અલગ અલગ ગ્રાફ તૈયાર કરતા કોરોનાનો પીક ટાઈમ જણાવ્યો છે. ગણિતીય મોર્ડલના માધ્યમથી કોરોનાના વધતા સંક્રમણના કેસ પર જે અધ્યયન કરવામાં આવ્યુ છે તે મુજબ ૧૫ મેની આસપાસ કોરોનાના એકિટવ કેસ ૩૩થી ૩૫ લાખથી નજીક પહોંચી ગયા છે. કોરોના વાયરસને લઈને કરવામાં આવેલી આ સ્ટડીમાં વૈજ્ઞાનિકોનો એમ પણ દાવો છે કે મહારાષ્ટ્રમાં કોરોના હવે પીક પકડી ચૂકયો છે. ૩૦ એપ્રિલ આવતા આવતા ઉત્તર પ્રદેશ, દિલ્હી, ગુજરાત અને પશ્ચિમ બંગાળમાં કોરોના પોતાના અંતિમ ચરણ પર હશે અને પછી ઘટશે.

રાજકોટથી અમદાવાદ સુધી મંગળવારે મીની વાવાઝોડુ

આવશે. કોઇ જાનહાની કે નુકશાન થયાના અહેવાલો નથી. અમદાવાદ શહેરમાં રાતના ૯ વાગ્યે અચાનક જ ભારે પવન ફૂંકાવાનો શરૂ થયો હતો, જેને પગલે છાપરાં ઊડીને રસ્તા પર પડ્યાં હતાં. ભારે ધૂળની ડમરીઓ ઊડી હતી. પવન ફૂંકાવાને કારણે લોકોમાં ભય ફેલાયો હતો. જોકે નાઇટ કર્ફ્યૂ અમલમાં હોવાથી મોટા ભાગનાં શહેરીજનો ઘરમાં જ હતાં, પરંતુ ઘરની બારીઓ-બારણાંઓ જોરથી અથડાવા લાગ્યાં હતાં તેમજ ઘરોમાં ધૂળ ઊડીને આવી ગઈ હતી તેમજ કેટલાક વિસ્તારોમાં વીજળી ગૂલ થઈ હતી. વરસાદી માહોલ થઈ ગયો હતો. લગભગ ૩૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. રાજ્યમાં ગરમી તેમજ વરસાદને લઈને હવામાન વિભાગે આગાહી કરતાં જણાવ્યું હતું કે આગામી બે દિવસમાં સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત તેમજ અમદાવાદ સહિતનાં કેટલાંક શહેરોમાં ગરમીનું પ્રમાણ ૩થી ૪ ડીગ્રી સુધી વધી શકે છે, એટલે કે તાપમાન ૪૧ ડીગ્રીથી વધી ૪૩થી ૪૪ ડીગ્રી સુધી પહોંચી શકે છે. બીજી તરફ રાજકોટ, સુરેન્દ્રનગર, મોરબી, જૂનાગઢ, અમરેલી, વલસાડ સહિતના મોટા ભાગના વિસ્તારોમાં ભારે પવન સાથે હળવાથી સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે.

થાણેની હોસ્પિટલમાં આગ ભભુકી, ૪નાં મોત

પોલીસ અધિકારીએ જણાવ્યું કે હોસ્પિટલમાં ૬ દર્દી આઈસીયુમાં દાખલ હતા. તેમને પણ રેસ્ક્યૂ કરી લેવાયા છે. જો કે તેમાંથી કોઈ પણ કોરોના દર્દી નહતા. આ બાજુ લોકલ વિધાયક અને મહારાષ્ટ્ર સરકારમાં મંત્રી જિતેન્દ્ર ચવ્હાણે કહ્યું કે આગમાં ઝૂલસીને દર્દીઓના મોત થયા. આગના કારણે હોસ્પિટલના પહેલા ફ્લોરને ખુબ નુકસાન પહોંચ્યું છે. તેમણે કહ્યું કે સીએમ ઉદ્ધવ ઠાકરેને અકસ્માતની જાણકારી આપી દેવાઈ છે. રાજય સરકાર મૃતકોને ૫ લાખ રૂપિયા અને ઘાયલોને ૧ લાખ રૂપિયાની આર્થિક મદદ આપશે.

આઠ દિવસ લારી–ગલ્લા બંધ રાખવાનું જાહેરનામું પ્રસિધ્ધ થતા જ

શહેરમાં સોપારી, તમાકુ, બીડીની કાળાબજાર શરૂ

એજન્સીઓની દુકાનોમાં વ્યસનીઓની દોડધામ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

શહેરમાં કોરોના મહામારીએ ભયંકર સ્વરૂપ ધારણ કર્યા બાદ ઈન્જેક્શન, ઓક્સિજનના બાટલાની કાળાબજારી શરુ થયા બાદ ગઈકાલે શહેર પોલીસ કમિશનરે આઠ દિવસ લારી-ગલ્લા બંધ રાખવા જાહેરનામું બહાર પાડતા પાન-બીડીના બંધાણીઓમાં ભારે દોડધામ મચી જવા પામી છે. ત્યારે વેપારીઓએ પણ સોપારી, તમાકું, બીડીની કાળાબજારી શરુ કરી દઈ વ્યસનીઓને લુંટવાનું શરુ કર્યું છે. આજે સવારથી લારી-ગલ્લા બંધ થઇ જતા પાન-બીડીની એજન્સીઓ પર લાંબી લાઈનો લાગી હતી. લોકો સોપારી, તમાકુ, બીડી ખરીદવા દોડ મુકતા એજન્સીઓમાં પણ માલ-સામાન ખાલી થઇ ગયો હતો. ત્યારે શહેરમાં છાના ખૂણે કેટલાક વેપારીઓએ સોપારી, બીડી, તમાકુની કાળાબજારી શરુ કરી દીધી છે. તમાકુના ડબલા ડબ્બલ કીમતે અને બીડી તથા સોપારી પણ ઊંચા ભાવે વેચવાનું શરુ કરી દેતા પાન-બીડીના બંધાણીઓ માલ ખરીદ કરવા દોડ મૂકી છે. તેમ છતાં કેટલાક વ્યસનીઓને માલ-સામાન નહીં મળતા રાજકોટ શહેરની બહાર ગામડાઓમાં માલ-સામાન ખરીદ કરવા દોડી ગયા હોવાનું જાણવા મળ્યું છે.

રાત્રી કર્ફ્યું અસરકારક નહીં છતાં ફરીથી રાત્રી કર્ફ્યું લદાયો

સરકાર નાના ધંધાર્થીઓ માટે આર્થિક પેકેજ જાહેર કરેઃ કોંગ્રેસ

રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદોઃ ગજુભા, તલાટીયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

શહેર કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રવક્તા ગજેન્દ્રસિંહ ઝાલા, શહેર કોંગ્રેસ મહામંત્રી રમેશભાઈ તલાટીયા, લોક વિચાર મંચના ધીરુભાઈ ભરવાડ, હિતાબેન વડોદરીયા અને સરલાબેન પાટડીયાએ અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગુજરાતમાં તાકીદે રાષ્ટ્રપતિ શાસન લાદવાની આવશ્યકતા છે. કારણ કે ગુજરાત સરકાર કોરોના ની ચેન તોડવામાં સદંતર નિષ્ફળ પુરવાર થઇ છે. ખુદ શાસક પક્ષના ધારાસભ્યો સાંસદો એ સરકારની આકરી ટીકા કરી છે. હાઈકોર્ટે ગુજરાતની વિજય રૂપાણી સરકારની ઝાટકણી કાઢી છે. અને હાલ હોસ્પિટલમાં દર્દીને બેડ નથી મળતા દર્દીને ઓક્સિજન નથી મળતો ઈમરજન્સી સારવારની ૧૦૮ અને ૧૦૪ પણ ૨૪ કલાક પછી આવે છે. દવાનો ખલાસ હોય છે.

વધુમાં અગાઉ ૨૦ શહેરોમાં રાત્રે કર્ફ્યું હતો શહેરોમાં વધારો કરી ૨૯ શહેરમાં રાત્રી કર્ફ્યું લાગ્યો છે રાત્રી કર્ફ્યું હોવા છતાં કોરોના ના કેસો માં તોતિંગ વધારો થયો છે અને છ ગણા કેસો (સરકારી આંકડા મુજબ) વધી ગયા છે. તો રાત્રિ કરફ્યુ અસરકારક નથી અને હાઈકોર્ટે લોકડાઉન એ ઉકેલ નથી.

સરકાર રાત્રિના ધંધાર્થીઓને અને લોકડાઉનના પગલે નાના ધંધાર્થીઓ માટે આર્થિક પેકેજ જાહેર કરવુ આવશ્યક છે. રાજ્યમાં એક વર્ષથી કોરોના ની ચેન તોડવાની વાતો કરતી સરકાર તમામ મોરચે નિષ્ફળ પુરવાર થઇ છે. તેવો આક્ષેપ કર્યો છે.

વેક્સિનેશન માટે નિરક્ષર લોકોનું રજીસ્ટ્રેશન મરજીયાત કરો : પૂર્વ મેયર

પૂર્વ મેયર મોહન સોજીત્રાએ મુખ્યમંત્રીને પત્ર લખી અલાપદી વ્યવસ્થા ઉભી કરવા માંગ કરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

૧૮ થી ૪૫ વર્ષના ભક્તિઓની રસીકરણ માટે કોવીડ એપ્લીકિશન અને વેબસાઈટ પરથી રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે, પરંતુ અભણ અને અજ્ઞાન વ્યક્તિઓ આવી કોઈ સુવિધા ધરાવતા ન હોય, રજીસ્ટ્રેશનના અભાવે તેવા આક્ષેપ સાથે પૂર્વ ડેપ્યુટી મેયર મોહનભાઈ લાલજીભાઈ સોજીત્રાએ સી.એમ.વિજય રૂપાણીને સણસણતો પત્ર લખ્યો છે. ગુજરાતમાં ૧૮ થી ૪૫ વર્ષ સુધીની ઉંમરના આશરે ૩.૨૬ કરોડ વ્યકિતને વેકસીનેશન ડોઝ વિના મૂલ્ય મળશે જે નિર્ણય રાજ્ય સરકારનો ખુબજ આવકારદાયક છે.

આ અંગે ગુજરાત સરકારે પૂનાની સીરમ ઈન્સ્ટીટયુટ તથા ભારત બાયોટેકને કોવેકસીન વેકસીનનો ઓર્ડર આપેલ છે, તો આ અંગે ઉપરોકત કોરોનાની વેકસીન બનાવનાર બન્ને કંપનીઓને વેકસીન સમયસર મળી રહે તે અંગેનો પ્રબંધ કરાવો જરૂરી છે.

૧-મે, ૨૦૨૧ થી ગુજરાતના તમામ શહેર અને જીલ્લામાં ૧૮ થી ૪૫ વર્ષની વયના લોકો માટે કોરોના રસીકરણ શરૂ થવા જઈ રહયું છે. રાજકોટ શહેર જીલ્લાની ચુંટણી પંચની મતદાર યાદીમાં ૧૮-વર્ષ પૂર્ણ કરેલ તમામ નવયુવાનો થી લઈને ૪૫ વર્ષના વ્યકિત પણ આ રસીકરણ કરાવવા કટીબધ્ધ હોય, પરંતુ ગુજરાત રાજય સાક્ષરતા દરજજે ઉણું ઉતરતુ હોય અને ગુજરાતી, હિન્દીમાં પણ ફાંફા મારતું હોય, અને આવા નિરક્ષર અને અભણ પાસે આવી આધુનીક ટેકનોલોજીનું જ્ઞાન ન હોય, તો આવા રસીકરણ કરાવવા ઈચ્છનાર વ્યકિત આનાથી વંચિત રહી જાય તેવી પૂરેપુરી સંભાવના છે, તો આવું નોટીફીકેશન તાત્કાલીક અસરથી રદ કરવા અથવા તો આ અંગે આવા અભણ, અજ્ઞાન વ્યકિતઓ સરળતાથી રસીકરણનો લાભ લઈ શકે તેવો કોઈ યોગ્ય પ્રબંધ કરવા અપીલ કરી છે.

મહાનગરપાલિકાની વેસ્ટઝોન ઓફિસ ખાતે

મીડિયા કર્મીઓ માટે શુક્રવારે કોરોના વેક્સિન કેમ્પ યોજાશે

વેક્સિનનો પહેલો ડોઝ ન લીધો તેઓને વેક્સિન અપાશેઃ મનપા દ્વારા આયોજીત બીજા રસીકરણ કેમ્પનો લાભ લેવા રાજુ ધ્રુવનો અનુરોધ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૮

રાજકોટ મહાનરપાલિકાએ ગત તા. ૩૦મી માર્ચે રાજકોટના પત્રકારો, કેમેરામેન,ફોટોગ્રાફર માટે કોરોનાથી રક્ષણ મળે એ માટેના કેમ્પનું આયોજન કર્યું હતું. રસીકરણ ના બીજા ડોઝ માટે પણ તા. ૩૦ એપ્રિલ ને શુક્રવારે એક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. પત્રકારોને આ આયોજન અંતર્ગત રસી મુકાવી સુરક્ષિત થવા ભાજપના પ્રવકતા રાજુભાઇ ધ્રુવે અનુરોધ કર્યો છે.

ગયા મહિને મહાપાલિકાની વેસ્ટ ઝોન ઓફિસે યોજાયેલ આ રસીકરણ કેમ્પમાં પત્રકારો અને તેમના પરિવારજનો એમ મળી અંદાજે ૫૦૦ લોકોએ કોરોના વેક્સિન મૂકાવી હતી. હવે એક મહિના બાદ કોરોના વેક્સિનનાં બીજા ડોઝ માટે આગામી ૩૦ એપ્રિલ શુક્રવારનાં રોજ સવારે ૯ વાગ્યાથી સાંજે ૮ વાગ્યા સુધી રાજકોટ મનપાની વેસ્ટઝોન ઓફિસ ખાતે આ કેમ્પનું ફરી એક વખત આયોજન કરવામાં આવ્યું છે.

રાજકોટ મનપા દ્વારા આયોજીત આ કેમ્પની ખાસ વાત એ હશે કે, ગત કોરોના રસીકરણ કેમ્પમાં રસી ન લઈ શક્યા હોય તેવા પત્રકાર મિત્રો અને તેમના પરિવારજનો પણ આ કોરોના વેક્સિનેશન કેમ્પમાં પ્રથમ ડોઝ લઈ શકશે. આ સાથે જ જે પત્રકાર મિત્રો અને તેમના પરિવારજનોએ પ્રથમ કોરોના વેક્સિન ડોઝ લીધો છે તેમને બીજો ડોઝ લેવાની તેમજ કોરોના રસી લેવાની બાકી હોય તેવા તમામ પત્રકારો-મીડિયા મિત્રો અને તેમના પરિવારજનોને કોરોના વિરુદ્ધની વેક્સિન લેવાની અપીલ ભાજપ પ્રવકતા રાજુભાઈ ધ્રુવે કરી છે.

કોરોના રસી ઉપરાંત તા.૩૦મીએ પત્રકારોના ડાયાબિટીસના ટેસ્ટ અને બ્લડ પ્રેશરની પણ તપાસ કરી આપવામાં આવશે.

આ કોરોના રસીકરણ-૨ કેમ્પ-કાર્યક્રમમાં મેયર-પદાધિકારીઓ-મ્યુનિસિપલ કમિશનર તથા અગ્રણીઓની ઉપસ્થિતિમાં યોજાનાર છે. રાજકોટના સમાચાર માધ્યમોના પત્રકારમિત્રોને જરૂરી ઓળખપત્ર-આધાર સાથે ઉપસ્થિત રહી રસીકરણ કરાવવા રાજુભાઈ ધ્રુવે અનુરોધ કર્યો છે.(૧.૫)

સોખડા ગામે કોરોના હોવાની શંકાથી હતાશ ખેડૂતનો આપઘાત

થોડા દિવસ પહેલા ભાભીનું કોરોનાથી મોત નિપજયા બાદ તાવ–શરદીના લક્ષણો જણાતા પ્રૌઢે આપઘાતનું પગલું ભરી લીધું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

કોરોના હોવાની શંકાએ એક ખેડૂતે માનસિક રીતે હતાશ થઇને આત્મહત્યા કરી લેતા પરિવારમાં સરેરાટી મચી જવા પામી છે. કુવાડવા પોલીસે સોખડા ગામના ખેડૂતનો મૃતદેહ પી.એમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો મુજબ સોખડા ગામે રહેતા ખેતીકામ કરતા પ્રવિણભાઈ નરસિંહભાઈ સરવૈયા નામના ૪૫ વર્ષના ખેડૂતને કોરોના હોવાની શંકાએ ઘરમાં કુદરતી હાજતે જવાનું કહીં નીકળ્યા બાદ વાડીએ વૃક્ષમાં દોરડું બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં સરેરાટી મચી જવા પામી હતી. થોડા દિવસો પૂર્વે જ ભાભીનું કોરોનાથી મોત નિપજયા બાદ પોતાને તાવ,શરદી,ઉધરસ જેવા લક્ષણો હોવાથી કોરોના થશે તેવા ભયથી આત્મઘાતી પગલું ભરી લીધાનું પોલીસ તપાસમાં ખુલ્યું હતું. કુવાડવા પોલીસે ઘટના સ્થળે દોડી જઈ મૃતદેહને નીચે ઉતારી પી.એમ અર્થે ખસેડ્યો હતો.

શહેર ભાજપ સંગઠનના પ્રભારી તરીકે વિનોદ ચાવડા-ઝવેરી ઠકરારની નિમણૂંક

પૂર્વ મેયર રક્ષાબેન બોળીયાને રાજકોટ જીલ્લાની જવાબદારી સોપાઈ; તમામ આગેવાનોને આવકારી અભિનંદન પાઠવતા કમલેશ મિરાણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૮

રાજકોટ શહેર ભાજપ સંગઠનના પ્રભારી તરીકે વિનોદભાઈ ચાવડા અને ઝવેરીભાઈ ઠકરારને આવકારતુ શહેર ભાજપની ટીમે આવકારી અભિનંદન પાઠવ્યા છે.

જયારે શહેર ભાજપના અગ્રણીઓ નિતીનભાઈ ભારદ્વાજને સુરેન્દ્રનગર,રમેશભાઈ રૂપાપરાને જુનાગઢ જિલ્લા, બીનાબેન આચાર્યને દેવભુમિ દ્વારકા, કશ્યપ શુકલને ભાવનગર શહેર,રક્ષાબેન બોળીયાને રાજકોટ જિલ્લાની જવાબદારી સોંપાઈ છે. તમામ આગેવાનોને આવકારી અભિનંદન પાઠવતા કમલેશ મિરાણી પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલની સૂચના મુજબ પ્રદેશ ભાજપ ધ્વારા રાજયના વિવિધ જીલ્લા-મહાનગરના સંગઠનના પ્રભારીઓની વરણી કરવામાં આવેલ છે, ત્યારે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડે ભારતીય જનતા પાર્ટી, રાજકોટ મહાનગર માટે વિનોદભાઈ ચાવડા અને ઝવેરીભાઈ ઠકરારની વરણીને આવકારી અભિનંદન પાઠવ્યા હતા. ત્યારે રાજકોટ મહાનગરના અન્ય આગેવાનોને પણ વિવિધ મહાનગરો-જિલ્લાના સંગઠનના પ્રભારી તરીકે જવાબદારી સોંપવામાં આવેલ છે, જેમાં પ્રદેશ ભાજપ અગ્રણી નિતીન ભારદ્વાજને સુરેન્દ્રનગર, રમેશભાઈ રૂપાપરાને જુનાગઢ જિલ્લા, બીનાબેન આચાર્યને દેવભુમિ દ્વારકા, કશ્યપ શુકલને ભાવનગર શહેર તેમજ પૂર્વ મેયર રક્ષાબેન બોળીયા રાજકોટ જિલ્લામાં સેવા હી સંગઠન અંતગર્ત ચાલી રહેલ સેવાકાર્યો અને વેક્સીનેસન અભિયાનને ભાજપ સંગઠનના માધ્યમથી વેગવંતુ બનાવશે તેવી શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડે શુભેચ્છા પાઠવી આવકાર સહ અભિનંદન પાઠવ્યા હતા.

આ તકે વધુમાં કમલેશ મિરાણીએ જણાવેલ કે પ્રદેશ ભાજપની સૂચના અનુસાર ભારતીય જનતા પાર્ટી ધ્વારા વર્તમાન સંજોગોમાં કોરોનાની મહામારીમાં સેવા હી સંગઠનના સંદર્ભમાં ચાલી રહેલા સેવાકાર્યો અને વેક્સીનેસન અભિયાન અંગેની કામગીરી ચાલી રહી છે ત્યારે રાજકોટ મહાનગર નવનિયુક્ત પ્રભારી વિનોદભાઈ ચાવડા અને ઝવેરીભાઈ ઠકરાર અને રાજકોટ મહાનગરના અન્ય આગેવાનો પ્રદેશ ભાજપ અગ્રણી નિતીન ભારદ્વાજ સુરેન્દ્રનગર, રમેશભાઈ રૂપાપરા જુનાગઢ જિલ્લા, પ્રદેશ ભાજપ મંત્રી બીનાબેન આચાર્ય દેવભુમિ દ્વારકા, ભાજપ અગ્રણી કશ્યપ શુકલ ભાવનગર શહેર તેમજ પૂર્વ મેયર રક્ષાબેન બોળીયા રાજકોટ જિલ્લામાં સેવા હી સંગઠન અંતગર્ત ચાલી રહેલ સેવાકાર્યો અને વેક્સીનેસન અભિયાનને ભાજપ સંગઠનના માધ્યમથી વેગવંતુ બનાવશે તેવી શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડે શુભેચ્છા પાઠવી આવકાર સહ અભિનંદન પાઠવ્યા હતા.

ચંપકનગરમાં રૂ. ૮૫ લાખની લૂંટમાં વપરાયેલું બાઈક ટંકારાના વિરપર પાસેથી રેઢું મળ્યું

બાઇક અહીં રેઢું મુકી બીજા ખાનગી વાહનોમાં ભાગી ગયાની શકયતાઃ પોલીસની આઠ ટીમોની સતત દોડધામ

લૂંટારૂઓએ માર મારી ગળુ દબાવ્યું હોઇ સોની વેપારીને દુઃખાવો ઉપડતાં સારવાર માટે સિવિલમાં દાખલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

શહેરના પેડક રોડ ચંપકનગર-૩માં આવેલા શિવ જ્વેલર્સ નામના શો રૂમમાં સોમવારે ભરબપોરે ત્રાટકેલા ત્રણ લૂંટારા વેપારી મોહનભાઇ વિરમભાઇ ડોડીયા (ઉ.વ.૫૨)ને ઢીકાપાટુનો માર મારી ગળુ દબાવી તેમજ લમણે રિવોલ્વર-બંદૂક તાંકી રોકડ-દાગીના મળી રૂ. ૮૫.૪૬ લાખની લૂંટ ચલાવી ગયાની ઘટનામાં શહેરની ક્રાઇમ બ્રાંચ અને બી-ડિવીઝન પોલીસની અલગ અલગ ટૂકડીઓ જુદી જુદી દિશામાં તપાસ માટે દોડધામ કરી રહી છે. સીસીટીવી ફૂટેજને આધારે તપાસનું પગેરૂ મોરબી રોડ સુધી પહોંચ્યું હતું. દરમિયાન લૂંટમાં વપરાયેલુ અને ચંપકનગરમાંથી જ ચોરાયેલુ બાઇક ટંકારાના વિરવાવ પાસેથી રેઢું મળી આવતાં પોલીસે કબ્જે કર્યુ છે. અહિથી લૂંટારા બીજા કોઇ વાહનમાં ભાગી ગયાની શકયતા છે.આ ગેગમાં ૫ થી ૬ સભ્યો હોવાની શંકા સેવાઈ રહી છે. લૂંટના બનાવ અંગે પોલીસને સીસીટીવી ફૂટેજ અલગ અલગ જગ્યાએ ચેક કરતાં એવી પણ શંકા ઉપજી છે કે લૂંટારા ત્રણ નહિ પણ ચાર કે પાંચ હોઇ શકે છે. બીજા એકાદ બે શખ્સો પણ શંકાસ્પદ રીતે જોવા મળ્યા છે. લૂંટારા જે બાઇક પર શો રૂમ ખાતે આવ્યા હતાં એ બાઇક પણ લૂંટની ઘટનાના થોડા સમય પહેલા જ ચંપકનગરમાંથી ચોરી કર્યુ હતુ અને નંબર પ્લેટ કાઢી નાંખી હતી. લૂંટ બાદ લૂંટારા વેપારી મોહનભાઇને શો રૂમની અંદરની સાઇડ આવેલી વિશાળ તિજોરીમાં પુરીને જતાં રહ્યા હતાં. મારકુટ થઇ હોઇ અને ગળાચીપ અપાઇ હોઇ ગત સાંજે તેમને દુઃખાવો ઉપડતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. લૂંટારા ગ્રીનલેન્ડ ચોકડી થઇ બેડી ચોકડી થઇ ત્યાંથી મોરબી તરફ ભાગી છૂટ્યાની શંકા ઉદ્ભવી હતી. કેમ કે અહિ સુધીના સીસીટીવી ફૂટેજ મળ્યા હતાં. પોલીસની ટૂકડીઓ મોરબી-ટંકારા તરફ આગળ વધી હતી. એ દરમિયાન ટંકારાના વિરવાવ પાસેથી લૂંટમાં વપરાયેલુ બાઇક રેઢું મળ્યું છે. લૂંટારા પરપ્રાંતના હોવાની પણ દ્રઢ શંકા ઉદ્ભવી છે. એસીપી એસ.આર. ટંડેલની રાહબરી માર્ગદર્શન હેઠળ પીઆઇ વી. કે. ગઢવી, પીઆઇ એમ. બી. ઔસુરા અને તેમની ટીમોએ તપાસ યથાવત રાખી છે.

ખોડીયારનગરમાં પી.એસ.આઈ પર હુમલો કરનાર વધુ પાંચ શખ્સો પકડાયા

નામચીન ભરવાડ શખ્સોને પોલીસે લીંબડાનો કડવો સ્વાદ ચખાડ્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

ગોંડલ રોડ પર આવેલા ખોડીયારનગરમાં નામચીન રાજુ ઉર્ફે કુકી ભરવાડને પકડવા ગયેલા પી.એસ.આઈ સહિતના સ્ટાફ ઉપર હુમલો કરી ઈજા કરવાના બનાવમાં માલવીયાનગર પોલીસે વધુ પાંચ શખ્સોની ધરપકડ કરી નામચીન ભરવાડ શખ્સોને લીંબડાનો કડવો સ્વાદ ચખાડ્યો હતો અને કાયદાનું ભાન કરાવ્યું હતું. બે સમાહ પહેલા કારખાનેદારને આંતરી પિતા-પુત્ર પર જીવલેણ હુમલો કરવાના બનાવમાં માલવીયાનગર પોલીસ મંથકમાં ફરિયાદ નોંધાયા બાદ પી.આઈ કે.એન.ભુકણની સુચનાથી પી.એસ. આઈ વી.કે.ઝાલા સહિતનો સ્ટાફ નામચીન રાજુ ઉર્ફે કુકી ભરવાડને પકડવા ગોંડલ રોડ પર આવેલા ખોડીયાર નગરમાં ચામુંડા પાન પાસે ગયા ત્યારે પકડાયેલા રાજુ ઉર્ફે કુકી ભરવાડને છોડાવવા ભરવાડ શખ્સોના ટોળાએ હુમલો કરી પી.એસ.આઈ ઝાલાને માથામાં ઈજા કરી નાસી ગયા હતા. બનાવ બાદ માલવીયાનગર પોલીસ મંથકમાં પી.એસ.આઈ પર હુમલો અને ફરજમાં રુકાવટ કરવાનો ટોળા સામે ગુનો દાખલ થયો હતો. ગઈકાલે આ ગુનામાં નાસતા ફરતા નામચીન રાજેશ ઉર્ફે રાજુ સંગ્રામ મીર, ભરત ઉર્ફે લાલો સંગ્રામ મીર, કરશન સોંડા જોગરાણા, રતુ મઘા મીર અને નવઘણ ધના જોગરાણા સહિત પાંચ શખ્સોની પોલીસે ધરપકડ કરી કાયદાનું ભાન કરાવી લીંબડાનો કડવો સ્વાદ ચખાડ્યો હતો.

ખાનગી હોસ્પિટલમાં મફત સારવાર, ઓક્સિજન અને બેડની પુરતી વ્યવસ્થા કરવા માંગ

રાહત પેકેજરૂપે જનધન ખાતાધારક અને બી.પી.એલ. કુટુંબોને રૂ. ૧૦,૦૦૦ આપવા માંગ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ દ્વારા જીલ્લા કલેકટર મારફત આવેદનપત્રમાં જણાવ્યું કે, રાજકોટ સહીત સમગ્ર રાજ્યમાં હાલમાં કોવિડ ૧૯ નું સંક્રમણ ખુબજ વધ્યું છે. રાજકોટ સૌરાષ્ટ્રમાં ઓક્સીજન અને બેડની અપૂરતી વ્યવસ્થા હોય તાત્કાલિક સરકાર પાસેથી રિપોર્ટ મંગાવી (ઓક્સીજન)ની અને બેડની તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવે. સમગ્ર રાજ્યમાં પુરતો પેરામેડીકલ સ્ટાફ ના હોય તાત્કાલિક ઉચ્ચ વેતનથી સ્ટાફ ૧૦૦ % ભરવામાં આવે અને તમામ ખાનગી હોસ્પિટલમાં મફત સારવારની વ્યવસ્થા કરવામાં આવે તેવી અમારી માંગ છે. આપ રાજ્યના બંધારણીય વડા હોય રાજ્યમાં સર્જાયેલ આરોગ્ય વિષયક અરાજકતા સંદર્ભે યોગ્ય પગલા લેશો અન્યથા ભારતીય કાયદા મુજબ રાજ્યની વડી અદાલતમાં જાહેરહિતની અરજી કરવાની અમારે નાછુટકે ફરજ પડશે. દવાઓ ઈજેક્શનો સહિતનો જરૂરી પુરવઠો યોગ્ય રીતે લોકો સુધી વિનામૂલ્યે મળી રહે તેવી વ્યવસ્થા કરવા આપ સરકારને તાત્કાલિક હુકમ કરશોજી.

રાજ્યની જનતાને હાલમાં રોજગારી ની મોટી સમસ્યા સર્જાયેલ હોય સરકાર દ્વારા ખાસ રાહત પેકેજ રૂપે ૧૦૦૦૦ રૂપિયા જનધન ખાતા ધારક અને બી. પી. એલ. કુટુંબોને તાત્કાલિક રાહત પેકેજ જાહેર કરવા યોગ્ય સુચનો આપવા નમ્ર વિનંતી.(૧૪.૧૦)

સાળંગપુર ખાતે સાદાઈથી ઉજવાયો હનુમાન મહોત્સવ

વિશ્વના કલ્યાણ તથા મહામારીના નિવારણ માટે મારૂતિયજ્ઞ કરાયો

કષ્ટભંજનદેવને ૧૧૧૧ કિલોનો લાડુનો ભોગ ધરવામાં આવ્યો, લાડુ કોરોના વોરિયર્સ ડોકટરો–નર્સોને પ્રસાદરૂપે અપાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

સાળંગપુર,તા.૨૮

સુપ્રસિધ્ધ યાત્રાધામ સાળંગપુરમાં દર વર્ષે લાખો હરિભક્તોની હાજરીમાં ઉજવાતો હનુમાન જન્મોત્સવ આ વર્ષે કોરોના વાયરસની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ સાદાઈથી ઉજવવામાં આવ્યો, જેમા દાદાના મંદિરમાં ફૂલોનો વિશેષ શણગાર કરી તથા દિવ્ય અન્નકૂટ ધરાવી દાદાની દિવ્ય આરતી શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી દ્વારા કરવામાં આવી તથા બહારના કોઈપણ નાગરિકને પ્રવેશ નિષેધ હોવાથી ફક્ત સંતો,પાર્ષદો દ્વારા દાદાનો અભિષેક વિધિ કરી રાજોપચાર પૂજન કરવામાં આવ્યું.

વિશેષમાં દાદાના નીતિપ્રવિણ (હનુમત સ્તોત્ર) કથા પર આધારિત હે હનુમન હરસંકટં મે પુસ્તકનું વિમોચન કરવામાં આવેલ તેમજ શ્રી કષ્ટભંજનદેવને ૧૧૧૧ કિલોના લાડુનો ભોગ ધરાવવામાં આવેલ અને એ લાડુ કોરોના વોરિયર્સ ડોકટરો અને નર્સોને પ્રસાદ રૂપે આપવામાં આવ્યો છે. તથા હનુમાન જન્મોત્સવ અંતર્ગત દાદાના ભક્તોએ પોતાના ઘેર દાદાને થાળ-આરતી-શણગાર કરી પૂજન કરેલ.

મંદિરના પૂજ્ય અથાણાવાળા સંતમંડળના શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી દ્વારા હાલની કોરોના મહામારીને લક્ષમાં લઈ સમગ્ર વિશ્વના કલ્યાણ તથા કોરોના મહામારીના નિવારણ અર્થે મારુતિયજ્ઞ કરવામાં આવ્યો હતો તેમજ કોરોના મહામારીમાં દેવલોક પામેલ આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી દાદાનો શાંતિપત્ર મોકલવામાં આવેલ.

દેશ -વિદેશમાં વસતા દાદાના ભક્તજનોએ હનુમાન જન્મોત્સવના દિવ્ય દર્શન,અભિષેક વિધિ તથા અન્નકૂટ આરતીનો લાભ ઘેર બેઠા યુટ્યુબ અને ટી. વી. ચેનલના માધ્યમથી લીધો હતો.

હનુમાન જન્મોત્સવના આ દિવ્ય પ્રસંગે મંદિરના શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી તથા કોઠારી સ્વામી વિવેકસાગરદાસજી દ્વારા હાલની કોરોના વાયરસની મહામારીમાંથી દેશ અને દુનિયાને વહેલી તકે મૂક્ત કરવા દાદાના ચરણોમાં પ્રાર્થના કરવામાં આવી હતી.

દ્વારકા શિવગંગા ચેરી.ટ્રસ્ટ દ્વારા ઓક્સિજન પોટલીનું વિતરણ કરાયું

(અમારા પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૨૮

કોરોનાના કેસો વધી રહ્યા છે અને ગયા વર્ષની સરખામણીમાં આ વખતે મૃત્યુનું પ્રમાણ પણ ખુબજ વધી રહ્યું છે. તેમાં પણ આ વખતે કોરોનાના દર્દીઓને ઓક્સીજન લેવલ ઘટી જતું હોવાના બનાવો ખાસ્સા બહાર આવ્યા છે. તેથી ઘરે પણ લોકો પોતાના ઓક્સીજન લેવલને ટકાવી રાખવા માટે જાગૃત થાય અને કોરોના ના ભોગ ના બને તેવા ઉમદા હેતુ થી દ્વારકાની જાણીતી સેવાકીય સંસ્થા શિવગંગા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કપૂર, અજમો અને લવિંગની આર્યુવેદિક પોટલી બનાવી તેનું નિ:શુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. આ વિતરણ દ્વારકાના ત્રણ બત્તી વિસ્તારમાં કરવામાં આવ્યું હતું. આ વિતરણમાં સ્વામિનારાયણ આશ્રમના કોઠારી મહંત સ્વામી ગોવિંદપ્રસાદ સ્વામીજી તથા જે.પી. સ્વામી તેમજ રઘુવંશી સોશિયલ ગ્રુપના પ્રમુખ અશ્વિનભાઈ ગોકાણી, દ્વારકાના વેપારી અગ્રણી કિરીટભાઈ સીમરીયા, શિવગંગા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ઈશ્વરભાઈ ઝાંખરીયા, હિરેનભાઈ ઝાંખરીયા, વિમલભાઈ મકવાણા, દીપકભાઈ સવાણી તેમજ સ્ટાફના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ નિ:શુલ્ક વિતરણમાં ૩૦૦૦ જેટલી પોટલીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કપૂર, અજમો અને લવિંગની આયુર્વેદિક પોટલી બનાવી નિ:શૂલ્ક વિતરણ કરાયું

શહેરમાં જુદા-જુદા સ્થળોએ ખુલ્લા રહેલા લારી-ગલ્લા પોલીસે બંધ કરાવ્યા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

શહેર પોલીસ કમિશનર મનોજ અગ્રવાલે ગઈકાલે જાહેરનામું બહાર પાડી શહેરમાં લારી-ગલ્લા બંધ રાખવા હુકમ કરી આઠ દિવસ સુધી લારી-ગલ્લા બંધ રાખવાના જાહેરનામા ના પગલે આજે સવારથી જ શહેર પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા ફૂટ પેટ્રોલિંગ કરી જુદા-જુદા સ્થળોએ ખુલ્લા રહેલા લારી-ગલ્લા બંધ કરાવી જાહેરનામાનું ચુસ્તપણે પાલન કરાયું હતું.

હનુમાનદાંડીનાં હનુમાન જયંતિની સાદાયથી ઉજવણી

ભાવિકો વગર જ ઉજવણી કરવામાં આવીઃ તસ્વીર દ્વારા લોકોએ દર્શન કર્યા

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ઓખા, તા.૨૮

ઓખામંડળ તાલુકામાં આવેલા અને વિશ્વ વિખ્યાત એવા પવિત્ર યાત્રાધામ બેટમાં આવેલા હનુમાનદાંડી માં શ્રી હનુમાનજી સાથે તેમના પુત્ર મકરધ્વજ પણ બિરાજમાન છે. હનુમાન જયંતીના દિવસે આ મંદિરે ખુબજ મોટા કાર્યક્રમો તથા સમૂહ પ્રસાદીનું આયોજન કરવામાં આવે છે તથા માનવ મેહરામણ ઉમટી પડે છે. પરંતુ આ વર્ષે પણ કોરોના મહામારી ને લીધે કોઈ જ પ્રકારના કાર્યક્રમો કર્યા વિના સાદાઈ થી જ હનુમાન જયંતી ની ઉજવણી કરવામાં આવી હતી. આજ ના દિવસે હનુમાનજીને પ્રાર્થના કરવામાં આવી હતી કે હવે પ્રભુ આ કોરોના મહામારીમાંથી માનવજાત ને ઉગારી ફરી પેલા જેવું જ જનજીવન કાર્યરત થાય.(૧૪.૧)

સરપંચ દ્વારા ગામની શેરી-ગલીઓને સેનેટાઈઝ કરાયા

ગામને કોરોના મુકત કરવા સરપંચે જહેમત ઉઠાવી

(અમારા પ્રતિનિધિ દ્વારા)

વડિયા,તા.૨૮

ગામડાના સરપંચ પોતાના ગામને કોરોના સંક્રમણથી બચાવવા માટે જાગૃતતા દાખવતા જોવા મળ્યા છે. તાલાલાના ઘુસીયા ગામના સરપંચ જીવાભાઈ રામ જે કોરોના સંક્રમણ રોકવા સ્વૈચ્છીક લોકડાઉન સાથે સમગ્ર ગામને ટ્રેક્ટર થી સેનેટાઇઝ કરતા જોવા મળ્યા હતા. આ બાબતે સરપંચ જીવાભાઈનો સંપર્ક કરતા તેમના મતે જો દરેક ગામના સરપંચ પોતાના ગામને વારંવાર સેનેટાઇઝ કરે અને કોરોના સંક્રમણની ચેઇન તોડવા સ્વૈચ્છીક જાગૃત બની રસીકરણ દરેક સભ્ય કરાવે તો ચોક્કસ કોરોના ને મ્હાત ભારત આપશે એ વાત નક્કી છે. આમ ગામડામાં પણ હવે લોકો અને સરપંચ જાગૃત થતા જોવા મળતા હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે.(૧૪.૫)

સરગમ કલબ અને કમાણી ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે દર મહિને યોજાતો

દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય જયપુર ફૂટ કેમ્પ મે મહિનામાં યોજાશે નહીં

કોરોનાને કારણે કેમ્પ મોકૂફ રાખેલ છેઃ ગુણુંભાઈ ડેલાવાળા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

સરગમ કલબ અને કમાણી ફાઉન્ડેશન દ્વારા દર મહિને જયપુર ફૂટ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. કોરોનાની મહામારીને સરકારનાં ગાઈડલાઈન મુજબ લોકોને એકત્ર ન થવાને લીધે જયપુર ફૂટ કેમ્પ આગામી તા.૧-૫ થી ૩-૫ સુધી કેમ્પ યોજાશે નહીં. કેમ્પમાં આવનાર દર્દીઓએ કેમ્પમાં હાજર નહીં રહેવા તમામ લોકોએ નોંધ લેવા સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

ઘેલા સોમનાથ ખાતે હનુમાન જયંતિની અનોખી ઉજવણી

ભાવિકોએ માધ્યમો દ્વારા દર્શન કર્યાઃ મહાદેવને હનુમાનજીનો શણગાર

(અમારા પ્રતિનિધિ દ્વારા) જસદણ: જસદણ પંથકમાં આવેલા વિખ્યાત તીર્થધામ શ્રી ઘેલા સોમનાથ મહાદેવને હનુમાન જયંતિની પૂર્વ સંધ્યાએ હનુમાનજીનો શણગાર કરી વિવિધ માધ્યમો પર દર્શન કરાવ્યા હતા. હાલ કોરોના મહામારીને કારણે મંદિર બંધ છે.(૧૪.૨)

વડિયાના ગ્રામીણ વિસ્તારમાં ભર ઉનાળે માવઠું

બપોર બાદ વડિયાથી અમરેલી સુધી ધીમીધારે વરસાદ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

વડિયા,તા.૨૮

સમગ્ર દેશમાં કોરોના સાથે ઉનાળાના તાપ ની મૌસમ ચાલી રહી છે. ત્યારે ભર ઉનાળે રોજ બપોર બાદ મેઘરાજા આછેરી ઝલક આપવા પધારતા જોવા મળે છે.

વડિયા વિસ્તારમાં રોજ બપોર બાદ વરસાદી માહોલ સર્જાઈ છે વીજળીના કડાકા, પવન સાથે વરસાદનુ આગમન થતા માવઠાની સ્થિતિ જોવા મળે છે.

અમરેલી થી વડિયા સુધીના ગ્રામીણ વિસ્તારમાં આજે બપોર બાદ ક્યાંક ધોધમાર તો ક્યાંક ધીમીધારે વરસાદ નોંધાયો હતો. આ વરસાદથી એક બાજુ વાતાવરણમાં ઠંડક પ્રસરે છે તો બીજી બાજુ કમોસમી વાતાવરણથી રોગચાળો વાકરવાનો પણ ખતરા સાથે ખેડૂતોને પણ ઉનાળુ પાકમાં નુકસાની કરતો જોવા મળી રહ્યો છે.(૧૪.૪)

Covid -૧૯ ની રસી મફત માં આપવી કે નહીં?

૨૦૨૦ માં જ્યારે કોવિડ ૧૯ વાયરસને લીધે મહામારીની શરૂવાત થઈ ત્યારે એના માટેની રસી ઉપર સંશોધન શરૂ થયું ત્યારે સરકારે દેશવાસીઓને આશ્વાશન આપ્યું કે રસી આપવાનો ખર્ચો સરકાર ભોગવશે .જ્યારે રસી **trial** ના તબ્બકે પહોચિ ત્યારે રસી બનાવતી કંપનીઓ કહયું કે નફો એ મુખ્ય મુદ્દો નથી પણ દેશવાસી ઓ ની સુરક્ષાએ મુખ્ય મુદ્દો છે .૨૦૨૧ માં જ્યારે રસી મુકવાનું ચાલું થયું ત્યારે નવી વાત ચાલુ થઈ કે રસી મુકવાનો ખર્ચો કેટલો અને કોણ કેવી રીતે ભોગવશે?

Pharma industry સરકારને પહેલું **shipment** ના નફો ના નુકશાન ને ધોરણે આપશે અને ખાનગી હોસ્પિટલમાં ૨૫૦ રૂપિયા માં પહેલો ડોસ આપશે.

માર્ચ ૨૦૨૧ માં જ્યારે પાછું **lockdown** લગાડવાનું ચાલું થયું અને એજ સમયમાં એની સાથે સાથે ધાર્મિક અને ચૂંટણી મેળા માં **social distancing** ના ધજાગરા ઉડ્યા ત્યારે રસી ની અછત છે એવા સમાચાર આવ્યા માંડ્યા ત્યારે પાછી રસી મુકવાની શું થશે એના ઉપર ચર્ચા ચાલુ થઈ ગઈ.

(C.A.)
(ઉમેશ ગોસર-મુંબઈ)

અત્યારે રસી મુકવાની કિંમત જાહેર થઈ છે એ પ્રમાણે થોડા લોકોને મફત થોડા લોકોને ૨૫૦ માં અને થોડાને ભજાર ભાવે મળશે.

આ બધી ચર્ચામાં બે મુખ્ય મુદ્દા કે પ્રશ્નો છે.

પહેલું સરકાર બધા ને રસી મફતમાં આપે તો એનો નાણકીય ખર્ચો કેટલો આવશે અને કોણ ભોગવશે?

બીજું **pharma company** કઇ ધર્માદા કંપની નથી એટલે એને થોડો પણ નફો મળવો જોઈએ.

આપણા દેશ ની લગભગ ૧૪૦ કરોડ વસ્તી છે અને એમાંથી ૪૦ટકા ૧૮ વયની નીચે છે અને રસી બનવાનો ખર્ચ ૫૦૦ લઈએ તો લગભગ ૧.૪ લાખ કરોડ થાય. જે આપણા અર્થતંત્ર ના ૦.૭ % છે અને રાજ્ય અને કેન્દ્ર સરકાર વચ્ચે વહેંચી દઈએ તો ૦.૩૫% થાય. આ ખર્ચો કરવા માટે સરકાર આગળ બે વર્ષ છે .

આ રકમ પણ ઘટી જાય અગર આપણે એમાંથી લગભગ ૫ કરોડ લોકો જે **EPFO** માં નોંધાય લ છે જેનો ખર્ચો કંપની ભોગવી લેશે અને ઘણા લોકો એવા છે જે બજાર ભાવે રસી લેવા તૈયાર છે.

આ ઉપરાંત જેની આગળ રાશન કાર્ડ **BPL** નું છે એ લોકો સરકારી હોસ્પિટલમાં જઈને મફતમાં લગાવી શકે છે. એટલે જે રસી મફતમાં લગડાવા નો ખર્ચો દેખાય છે એટલો નથી.

આને લીધે પ્રજા, સરકાર અને દવા કંપની એટલે ત્રણેનો ફાયદો છે.

બધી પ્રજાને રસી મૂકવાથી એના દવાને લગતા ખર્ચામાંથી બચશે અને **infection** લાગતું ઘટશે તો એ કામ પર જઈ શકશે અને કામ પર જશે તો સરકારની કરની આવક વધશે અને દવા કંપની ઓને રસી બનાવીને વહેંચી ને નફો મળશે તો એ રસી બનાવશે અને નવી રસી માટે સંશોધન પણ કરશે.

રસી મફત આપવી પ્રજાને એ સરકાર ની જવાબદારી અને જરૂરિયાત પણ છે. પાછા મળશું આવતે અડવાડિયે ત્યાં સુધી જે જે **ઉમેશ ગોસર**

ગોંડલમાં વર્લીનો જુગાર રમતો શખ્સ ઝડપાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

ગોંડલના દરબાર ચોકમાં જાહેરમાં વર્લીના આંકડાનો જુગાર રમતા શખ્સને પોલીસે દબોચી લઇ રૂ. ૧૨૯૨૦ રોકડા કબજે કર્યા છે. આ અંગેની વિગત મુજબ ગોંડલ સીટી પોલીસ મંથકના હેડ કોન્સ્ટેબલ જે.કે.ચૌહાણ, પી.એસ.આઈ એસ. એમ.જાડેજા સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ગોંડલના દરબાર ચોક પાસે જાહેરમાં આવતા જતા માણસો પાસેથી પૈસાની લેતી દેતી કરી વર્લી ફાયરના આંકડાનો જુગાર રમતા જયેશ ઉર્ફે જગો, ધીરુ સોલંકી નામના શખ્સને પોલીસે દબોચી લઇ તેની પાસેથી રોકડા રૂ. ૧૨૮૨૦ કબજે કરી ધોરણસર થી કાર્યવાહી હાથ

મોટાદડવામાં વરસાદે રોડ ભીના કર્યા

(અમારા પ્રતિનિધિ દ્વારા)

મોટાદડવા,તા.૨૮

મોટાદડવા તેમજ આજુબાજુ વિસ્તારમાં બપોર બાદ વાદળો ઘેરાયા હતાં.સતત અઠવાડિયાથી કાળઝાળ ઉનાળાના ચૈત્ર અષાઢ માસ સમું વાતાવરણ થઈ જવા પામી રહ્યુ છે. જો કે ગત રવિવારના વરસાદથી રોડ ભીના પાણી વહ્યા હતાં. એક બાજુ કોરોનાની

ખેડૂતોના ઉનાળુ પાક પર માઠી અસર

લહેર બીજી તરફ વાતાવરણ મા ફેરફાર ના લીધે વધું જોખમ જોખ્માઈ રહ્યુ છે. હાલ ખેડુતો માટે પણ માઠી દશા ઉભી થઈ છે. ઘણાં ખેતરોમાં મગ મકાઈ તલ જેવા ઉનાળુ પાક પર માઠી અસર પડી રહી છે.(૧૪.૩)

દેશભરમાંથી કોરોના મુકત કરવા લીમડાવાળા હનુમાનજીને પ્રાર્થના

(અમારા પ્રતિનિધિ દ્વારા)

માળીયા હાટીના,તા.૨૮

માળીયા હાટીના તાલુકાના અકાળા ગામે સુપ્રસિદ્ધ હજારો લોકોનુ આસ્થાનુ પ્રતિક એવા લીમડા વાળા સંકટ મોચન હનુમાનજી દાદાનું મંદિર આવેલ છે આજે બહાદુરસિંહ કાગડા દ્વારા અકાળા ગામના તમામ સમાજના આગેવાનોની સાથે મળી લીમડાવાળા સંકટ મોચન હનુમાનજી મહારાજને પ્રાર્થના કરી કે ગામથી માંડી દેશભરમાંથી કોરોનાનો વાયરસ નષ્ટ નાબૂદ થાય અને લોકો કોરોનાના ભયમાંથી મૂકત થાય તે માટે ગામના આગેવાનો દ્વારા સંકટ મોચન પોશન પુત્ર હનુમાનજી મહારાજની બાધાના રૂપમાં માનતા રાખી કોરોનાનો રોગ વહેલી તકે નાબૂદ થાય એટલે લીમડાવાળા હનુમાનજી મહારાજના સાનિધ્યમાં ધાર્મીક કાયે કરીશું કાર્યક્રમમાં ઉપસ્થિત સરપંચ વનરાજસિંહ કાગડા દ્વારા ગામ લોકોને ખાસ જણાવેલ કે માસ્ક ફરજિયાત પહેરવું સોસ્યલ ડીસ્ટન્સ રાખવુ જરૂરી કામ સીવાય બહાર ન નીકળવું અને સરકારની ગાઈડ લાઈનનુ પુરેપુરૂ પાલન કરવું આ બેઠકમા સોસ્યલ ડીસ્ટન્સનુ પુરેપુરૂ પાલન કરવા આવ્યુ હતુ.(૧૪.૬)

લોકોને કોરોના ગાઈડલાઈડનું પાલન કરવા સરપંચે અપીલ કરી

રૂખડીયાપરામાંથી સગીરાનું અપહરણ કરનાર શખ્સ ઝડપાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

રાજકોટ રેલવે સ્ટેશન પાછળ આવેલા રૂખડીયાપરામાં રહેતી ૧૭ વર્ષની સગીરાને પડોશમાં રહેતો લખન ધુના બાવાજી નામનો શખ્સ લગ્નની લાલચ આપી બદનામ કરવાના ઈરાદે અપહરણ કરી ભગાડી ગયાની ફરિયાદ ગઈ તા.૧૫/૪/૨૧ ના રોજ સગીરાના વાલીએ પ્ર.નગર પોલીસમાં નોંધાવતા પી.આઈ એલ.એલ.ચાવડા સહિતના સ્ટાફે તપાસ હાથ ધરી મોબાઈલ લોકેશન ટ્રેસ જુનાગઢ-સોમનાથ હાઈ-વે પર આવેલા જુથડ ગામનો વતની અને સગીરાને ભગાડી જનાર લખન દિનેશ ઉર્ફે ધુના રામાનંદીને પોલીસે માળીયા હાટીના તાલુકાના પાણીધરા તથા લાખોદરા ગામ વિસ્તારમાંથી ઝડપી લઇ સગીરાને મુક્ત કરાવી શખ્સ સામે કાર્યવાહી હાથ ધરી છે.

સુરતમાં પોલીસ તંત્ર દ્વારા બજારો અને માર્કેટ બંધ કરવા માટે કવાયત શરૂ, વેપારીઓમાં રોષ

સવારથી જ પોલીસની ટીમ અલગ અલગ વિસ્તારોમાં જઈને તમામ દુકાનો અને માર્કેટ બંધ કરાવતાં દેખાયાઃ સુરત શહેરના ટેક્સટાઈલ અને ડાયમંડ મેન્યુફેક્ચરિંગ યુનિટ ચાલુ રહેશેઃ પો. કમિશનર

સુરતઃતા.૨૮

કોરોના વિસ્ફોટ થતાંની સાથે જ હવે સુરત શહેરની સ્થિતિ વધુ વરસતા વહીવટી તંત્ર કામે લાગી ગયું છે ગઈકાલે ટેક્સટાઈલ માર્કેટ અને ડાયમન્ડ માર્કેટને બંધ રાખવા માટે આદેશ કરવામાં આવ્યા હતા. આજે સવારથી જ પોલીસની ટીમ અલગ અલગ વિસ્તારોમાં જઈને તમામ દુકાનો અને માર્કેટ બંધ કરાવતાં દેખાયા હતા. સુરતના અલગ અલગ વિસ્તારોમાં માર્કેટો બંધ કરાવવાનો પ્રયાસ કોર્પોરેશન અને પોલીસની ટીમ દ્વારા કરવામાં આવી રહ્યો છે. વરાછા બરોડા પ્રિસ્ટેજ વિસ્તારમાં પોલીસ દ્વારા માર્કેટ અને દૂકાનો બંધ કરાતા વેપારીઓમાં રોષ જોવા મળ્યો હતો પોલીસ બંધ કરાવી ત્યારે વેપારીઓ ટોળામાં એકત્રિત થઈને રોષ ઠાલવતા જોવા મળ્યા હતા. પરંતુ પોલીસે તમામ વેપારીઓને સમજાવીને આખરે દુકાનો બંધ કરાવવા માટે તેમને સમજાવ્યા હતા. મહિધરપુરા ડાયમંડ માર્કેટ પણ આજે સવારે બંધ કરાવવામાં આવી હતી. ઘણા માર્કેટના એસોસિએશને પોલીસને સહકાર આપ્યો હતો પણ ઘણા માર્કેટો અને શોપિંગ કોમ્પ્લેકસમાં વેપારીઓએ એકાએક બંધ લઈને નારાજગી જાહેર કરી હતી.શહેરમાં વિકટ પરિસ્થિતિ હોવાને કારણે વહીવટી તંત્ર પાસે અન્ય બીજો કોઈ વિકલ્પ ન હોય તેવું દેખાઈ રહ્યું છે સત્તાવાર રીતે ભલે વહીવટીતંત્ર લોકડાઉન જાહેર નથી કર્યો પરંતુ સમગ્ર શહેરમાં અઘોષિત લોકડાઉન જેવી સ્થિતિ જોવા મળી રહી છે. સ્ટેશન વિસ્તાર કે જ્યાં હજારોની સંખ્યામાં લોકોની અવરજવર રહેતી હતી ત્યાં જ ત્યારે એક પણ દુકાન ખુલ્લી જોવા નથી મળી રહે અને લોકોની અવરજવર પર જાણે સદંતર બંધ થઈ ગઈ છે. પોલીસ કમિશનર અજય તોમરે જણાવ્યું કે સુરત શહેરના ટેક્સટાઈલ અને ડાયમંડ મેન્યુફેક્ચરિંગ યુનિટ ચાલુ રહેશે. મેન્યુફેક્ચરિંગ યુનિટોને બંધ કરાવવા માટે કોઈ આદેશ કરવામાં આવ્યા નથી તેમણે એસઓપીનું યોગ્ય રીતે પાલન કરવાનું રહેશે. તેમજ અન્ય જીવન જરૂરિયાત વસ્તુઓ ચાલુ રહેશે.

પીપલોદના એક બંગલામાંથી ભગવાનના દાગીના ચોરાયા

પોલીસ ચોકીથી ૧૦૦ મી. દૂરની ઘટના ચકી ગેંગે ચોરી કરી હોવાની આશંકા

સુરત.તા.૨૮

પિપલોદ પોલીસ ચોકીથી ૧૦૦ મીટરના અંતરમાં એક બંગલામાંથી ભગવાનના દાગીનાની ચોરી થઈ છે. બંગલાના સીસીટીવી કેમેરામાં ૫ થી ૬ બદમાશો આવતા દેખાય છે. થોડા દિવસ પહેલા ભટારમાં તેલના વેપારીના બંગલામાંથી ચકી બનિયાનધારી ગેંગે લાખોની ચોરી કરી હતી. જેથી તેજ ગેંગએ આ ચોરીને અંજામ આપ્યો હોય એવી આશંકા છે. ઉમરા પોલીસ તેમજ ક્રાઇમબ્રાંચની ટીમ આ ટોળકીને પકડવા માટે કામે લાગી છે.

ડુમસ રોડ પર ઉમરાગામે નીલમ સોસાયટીમાં રહેતા અને હીરાનો વેપાર કરતા શૈલેષભાઈ વૈકુંઠભાઈ પચ્ચીગરના બંગલામાં ૨૪મી તારીખે મોડીરાતે તસ્કરો આવ્યા હતા. ચોરોએ કિચનની બારી કોઈ સાધન વડે તોડી અંદર ઘુસીને ભગવાનના મંદિરમાંથી ચાર સોનાની ચેઇન, લોકીટ અને રીયલ કંઠી મળી ૩૦ હજારના દાગીના ચોરી કરી ગયા હતા. આ અંગે ઉમરા પોલીસે ચોરીનો ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ આધારે તપાસ શરૂ કરી છે. ભટારમાં તેલના વેપારીને ત્યાંથી ૮.૧૫ લાખની રોકડ અને ઘરેણાંની ચોરી થઈ હતી.

સુરતમાં કોવિડ દર્દીને સતત અગ્નિદાહ અપાતા સ્મશાન ગૃહની ચીમની નમી પડી

(એજન્સી સમાચાર)

સુરત.તા.૨૮

સુરતમાં કોરોના સંક્રમણથી વધતાં મોતને કારણે હવે સ્મશાનો પણ જાણે થાકી ગયા હોય તેવું લાગી રહ્યું છે. જહાંગીરપુરા કુરુક્ષેત્ર સ્મશાનગૃહની ચીમની નમી પડતા વપરાશ બંધ કરાયો હતો.ચીમની એકાએક નમી પડતા સદનસીબે કોઈ મોટી ઈજા જાનહાનિ સર્જાઈ નથી. કોરોના સંક્રમણને કારણે મૃત્યુ દરમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. રોજ થતા દર્દીઓના મોતને કારણે સ્મશાન ગૃહમાં સતત ભઠ્ઠીઓ ધગધગતી રહી છે. આજે બપોરના સમયે જહાંગીરપુરા કુરુક્ષેત્ર સ્મશાનભૂમિ ખાતે ચીમની એકાએક નમી ગઈ હતી. એક તરફ શહેરનું વધતો તાપમાન અને બીજી તરફ ગેસ ચેમ્બરની ભઠ્ઠીનું ૫૦૦ થી ૭૦૦ ડિગ્રી જેટલું ઊંચું તાપમાન હોવાને કારણે સ્મશાન ગૃહની ચીમનીઓ પણ હવે નબળી પડી રહી છે. કુરુક્ષેત્ર સ્મશાન ગૃહ ખાતે પ્રોટોકોલ

ચીમનીઓ પણ પીગળીઃ જહાંગીરપુરા કુરુક્ષેત્રની ચીમની પડતા કોઈ ઈજા નહી

પ્રમાણે કોરોના સંક્રમિત દર્દીઓના મૃતદેહને અગ્નિસંસ્કાર આપવામાં આવે છે. ગેસ ચેમ્બરમાં સતત આવતા મૃતદેહોને કારણે ચીનની સહિત નંબરની અંદરની ધાતુના ઈંગલો પણ પીગળી જવાના દ્રશ્ય સામે આવી રહ્યા છે. એકાએક જ જેમની નવી પડતા સ્મશાન ગૃહના સંચાલકો દ્વારા ગેસ ચેમ્બર બંધ કરી દેવાની ફરજ પડી હતી.

સુરતમાં ઓક્સિજનની કટોકટી યથાવત, સપ્લાય મળે તે રીતે વહેંચણી કરવાની મજબૂરીઃ કલેક્ટર

કલેક્ટર ડો. ધવલ પટેલ દ્વારા ઓક્સિજનની પડતી હાલાકીનો સમગ્ર ચિતાર આપ્યો હતો.

સુરતઃ.તા.૨૮

સુરતમાં ઓક્સિજનની અછત યથાવત રહેશે સુરત કલેક્ટર નું મહત્વ નું નિવેદન નસ્ત્ર રોજ કમાવો રોજ ખાવો નસ્ત્ર જેવી શહેરની સ્થિતિ છે.ઓક્સિજન ઉત્પાદન આપણા હાથમાં નથી જેટલો સપ્લાય મળી રહ્યો છે એને યોગ્ય રીતે વહેંચણી કરવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. નોવેલ વિકલ્પ હેઠળ ઓર્સેલર મિત્તલ કંપનીના પ્લાન્ટમાં ઓક્સિજન મળી રહે તેમ હોવાથી ત્યાં જ હંગામી હોસ્પિટલ ઉભી કરવામાં આવી રહીછે.

સુરત શહેરને ઓક્સિજન કેવી રીતે મળે છે તેની વિગતવાર માહિતી

સુરત શહેર લિકવિડ ઓક્સિજન ઉત્પાદન કરતી કંપની ઉપર આધારિત છે. જેમાં રિલાયન્સ એર, આઈનોક્સ અને લીન્ડે. સામાન્ય રીતે ઓક્સિજનનું વિતરણ કેન્દ્ર સરકાર રાજ્ય સરકારને આપે છે અને રાજ્ય પોતાના શહેરો અને આપે છે. સુરતની સિવિલ અને સ્મીમેર હોસ્પિટલને આઈનોક્સ કંપની દ્વારા લિકવિડ ઓક્સિજન પૂરું પાડવામાં આવે છે. મહાવીર હોસ્પિટલ, કિરણ હોસ્પિટલ, વિનસ હોસ્પિટલ અને મિશન હોસ્પિટલ આ હોસ્પિટલોને કંપની દ્વારા લિકિવડ ઓક્સિજન પૂરો પાડવામાં આવે છે. શહેરની અન્ય હોસ્પિટલો રિફ્લકસ પાસેથી ઓક્સિજન મેળવે છે. જેમાં આપણી પાસે ૭ રિફિલિંગ પ્લાન્ટ અને ૨ પ્રોડક્શન યુનિટો ઉપલબ્ધ છે. આપણી પાસે લિકિવડ ઓક્સિજનમાં મેળવવા માટે વધારે વિકલ્પ નથી.

હજીરા સ્થિત આર્સેલર મિત્તલ કંપનીના પ્લાન્ટમાં ગેસ બેઝ ઓક્સિજન છે. કંપની દ્વારા સિક્યુરિટી કોલોનીની હોસ્પિટલ ફેરવી દેવામાં આવી છે. સારી બાબત એ છે કે, ગેસ બેઝ્ડ ૫૧૦૦ મેટ્રિક ટન ઓક્સિજન ઉપલબ્ધ થઈ શકે છે. એક કિલોમીટર સુધી ઓક્સિજન લાઈન નાખી શકાય તેવી વ્યવસ્થા છે. તેથી અમે એક હજાર કરતાં વધુ બેડ ત્યાં તાત્કાલિક અસરથી ઉભા કરીને ઘણે અંશે દર્દીઓને રાહત આપી શકે એમ છે.

સુરતની આયુષ હોસ્પિટલના આઈસીયુમાં લાગેલી આગ બાદ અફરાતફરીના સીસીટીવી સામે આવ્યા

સારવાર લઈ રહેલા ૧૮ દર્દીઓને અન્ય હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવ્યા હતાઃ શિફ્ટ કરાયેલા ૫ દર્દીના મોત થયા હતા

સુરત.તા.૨૮

સુરતમાં લાલ દરવાજા ખાતે પરમ ડોક્ટર હાઉસના બંધિયાર બિલ્ડિંગમાં પમા માળે આવેલી આયુષ હોસ્પિટલના આઈસીયુમાં રવિવારે મધરાતે ઓવરલોડિંગના કારણે એસીમાં શોર્ટ સર્કિટથી આગ લાગતા ભારે અફરાતફરી મચી ગઈ હતી. આઈસીયુમાં ઓક્સિજન અને વેન્ટિલેટર પર સારવાર લઈ રહેલા ૧૮ દર્દીઓને અન્ય હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવ્યા હતા. આ આખી ભયાવહ ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ છે.

કરુણાંતિકા એ હતી કે ક્રિટિકલ દર્દીઓના વેન્ટિલેટર હટાવીને પમાં માળેથી ગ્રાઉન્ડ ફ્લોર સુધી લાવ્યા બાદ ૯ જેટલી એમ્બ્યુલન્સ દ્વારા સ્મીમેર, સંજીવની અને સીમ્સ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. ત્યાં હજુ દર્દીઓને દાખલ કરવામાં આવે તે પહેલા જ તેમના મૃત્યુ થઈ ગયા હતા. કુલ પાંચ દર્દીનાં મૃત્યુ થયા હતા જેમાંથી એક દર્દી આયુષ હોસ્પિટલમાં જ મૃત્યુ પામ્યા હતા. ફાયર અધિકારીના કહેવા મુજબ આગ સામાન્ય હતી, જેને ઓલવવા પાણીનો પણ ઉપયોગ કરાયો નથી માત્ર એક્સ્ટિંગ્યૂશરથી જ આગ પર ૧૦ મિનિટમાં કાબુ મેળવી લેવાયો હતો, પરંતુ ધુમાડો આઈસીયુમાં ફેલાઈ જતા દર્દીઓને શિફ્ટ કરવાની ફરજ પડી હતી.

આયુષ હોસ્પિટલમાં આગ લાગવાના પ્રકરણમાં ૫ દર્દીના મોત નીપજ્યા હતા. હજી સુધી મહીધરપુરા પોલીસે જાણવા જોગ નોંધ કરી છે. ઈન્સ્પેક્ટર આર.કે.ધુલિયાએ જણાવ્યું હતું કે, મોત આગ લાગવાના કારણે થયું હોય એવું કહેવુ મુશ્કેલ છે. તેથી મૃતકોના પીએમ નહીં થાય. જાણવા જોગ નોંધ કરી તપાસ શરૂ કરાઈ છે. ફાયરે જણાવ્યું કે, હોસ્પિટલમાં ફાયર સેફ્ટીની સિસ્ટમ કાર્યરત હતી. પરંતુ અગાઉ ૪ નોટિસ ફાયરે ફટકાર્યા બાદ હોસ્પિટલે સેફ્ટી લગાડી હતી.

મૃતક અરવિંદભાઈ શિંગાળાના સંબંધીઓએ કહ્યું કે, અમે આ આગમાં સ્વજન ગૂમાવ્યાં છે. આ દુર્ઘટના પહેલી નથી પરંતુ કોઈ બોધપાઠ લીધા વગર ઠેર-ઠેર આવી આગ લાગે છે. જવાબદારો સામે કાર્યવાહી થવી જોઈએ.

મોટા વરાછામાં રહેતાં રામજીભાઈ લુખીના ભાઈ મનહરભાઈએ કહ્યું કે, રાહત કામગીરી સમયસર થઈ ન શકી હતી. દર્દીઓ ટળવળી રહ્યાં હતાં. બાદ તબીબોએ શિફ્ટિંગ કરવાનું શરૂ કર્યું હતું. ત્યાં સુધી લેટ થઈ ગયું હતું. ઓક્સિજન મળ્યો હોત તો બચી ગયા હોત.

સુરત સિવિલ હોસ્પિટલના ગેટ પર સિક્યુરિટી ગાર્ડને દંડો લઈને દોડેલા TRBના જવાને હોબાળો મચાવ્યો

ટીઆરબી જવાનના તેવર ઓછા નહીં થતા પોલીસ ચોકીમાં લઈ જવાની નોબત આવી

(એજન્સી સમાચાર)

સુરત.તા.૨૮

મેરી કાર તો અંદર હી પાર્ક હોગી, ચલ દરવાજા ખોલ કહી સુરત સિવિલ હોસ્પિટલના ગેટ પર તૈનાત સિક્યુરિટી ગાર્ડને પોલીસ હોવાનો રુઆબ બતાવી દંડો લઈને દોડેલા ટીઆરબીના જવાને આજે સવારે સિવિલમાં ભારે હોબાળો મચાવ્યો હતો. એટલું જ નહીં પણ તમામ સિક્યુરિટી ગાર્ડ ભેગા થઈ ગયા બાદ પણ ટીઆરબી જવાનના તેવર ઓછા નહીં થતા પોલીસ ચોકીમાં લઈ જવાની નોબત આવી હતી. જોકે, સિવિલ ચોકીના પોલીસ કર્મચારીઓએ પણ કશું સાંભળ્યા વગર માથાભારે ટીઆરબી જવાનને છોડી મુક્તા અનેક પ્રશ્નો ઉભા થયા હતા. સિવિલના શક્તિ સિક્યુરિટી ગાર્ડના જવાને જણાવ્યું હતું કે, સાહેબ હું સિવિલના મેઈન ગેટ બહાર મારી ડ્યૂટી પર હતો. વિકી નામનો એક યુવાન કારમાં આવીને પોલીસ હોવાનું કહી ગેટ ખોલવા દબાણ કરતો હતો. મેં ના પાડતા કાર રોડ બાજુએ પાર્ક કરી પોલીસનો દંડો લઈ જાહેરમાં એલફેલ બોલી ધમકાવી રહ્યો હતો. મેં તાત્કાલિક બાઉન્સરને જાણ કરી બોલાવી લેતા દાદાગીરી કરનાર ઈસમ વિકી વિશ્વકર્મા હોવાનું અને ટીઆરબી જવાન હોવાનું સામે આવ્યું હતું. જેથી તેને સિવિલની પોલીસ ચોકીમાં લઈ જવાતા તેના સુપર વાઇઝર દોડી આવ્યા હતા અને તેને લઈ ગયા હતા. પોલીસે પણ કોઈ કાર્યવાહી કરી નહી.

ટીઆરબી જવાન વિકીએ જણાવ્યું હતું કે, હું અઢી વર્ષથી ટીઆરબીમાં ફરજ બજાવું છું. ૫ મહિનાથી મને સિવિલના ગેટ બહાર ટ્રાફિક કંટ્રોલ કરવા માટે નોકરી અપાઈ છે. સિક્યુરિટી ગાર્ડ દાદાગીરી કરતા મેં જવાબ આપ્યો હોવાનું કહેતા ટીઆરબી જવાનને આખરે એના સુપર વાઇઝર છોડાવીને લઈ ગયા હતા. જો આ જગ્યા પર કોઈ સામાન્ય નાગરિક હોત તો ચોક્કસ એની સામે કામગીરીમાં રુકાવટ સહિતની અનેક કલમ નાખી પોલીસ લોકોઅપમાં પૂરી દેવાયો હોત.

સુરતમાં પોઝિટિવ કેસનો આંક ૧૦૮૭૭૪ પર પહોંચ્યો

શહેર જિલ્લામાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૨૨૪૧૬ થઈઃ મૃત્યુઆંક ૧૬૯૭ અને કુલ ૮૪૬૬૧ દર્દી રિકવર થયા

સુરત.તા.૨૮

સુરતમાં કોરોનાના કેસ ઘણા સમયથી ૨ હજારથી વધુ આવી રહ્યા છે. મહાનગરપાલિકાના જણાવ્યા પ્રમાણે, સુરત શહેર જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસનો આંક ૧૦૮૭૭૪ પર પહોંચી ગયો છે. આ સાથે શહેર જિલ્લામાં કોરોનાથી મૃત્યુઆંક વધીને ૧૬૯૭ થયો છે. ગત રોજ શહેરમાંથી ૧૨૨૫ અને જિલ્લામાંથી ૪૭૨ કોરોના દર્દીઓ કોરોનાને માત આપી સાજા થતા તેમને રજા આપવામાં આવી છે. આ સાથે અત્યાર સુધીમાં શહેર જિલ્લામાં ૮૪૬૬૧ કોરોના દર્દીઓ કોરોનાને માત આપી સાજા થઈ ચુક્યા છે. સતત વધી રહેલા કોરોનાના પોઝિટિવ કેસની સામે સાજા થનારા દર્દીઓની સંખ્યા ઓછી રહેતા એક્ટિવ કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. હાલ શહેર જિલ્લામાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૨૨૪૧૬ થઈ ગઈ છે. સિવિલ અને સ્મીમેર હોસ્પિટલમાં હાલ કોરોનાના ૧૩૩૧ દર્દીઓ ગંભીર હાલતમાં સારવાર લઈ રહ્યા છે. જેમાં સિવિલમાં ૬૦૬ દર્દીઓ ઓક્સિજન પર, ૩૩૯ દર્દી બાઈપેપ પર જ્યારે ૨૪ દર્દી વેન્ટીલેટર પર સારવાર લઈ રહ્યા છે. તેવી જ રીતે સ્મીમેર હોસ્પિટલમાં ૧૮૮ દર્દીઓ ઓક્સિજન પર, ૧૪૭ દર્દી બાઈપેપ પર અને ૨૭ દર્દીઓ વેન્ટીલેટર પર સારવાર લઈ રહ્યા છે.

ખાનગી હોસ્પિટલને વધુ ૨૫૦૦ રેમડેસિવિર ઈન્જેકશન ફાળવાયા

સુરત.તા.૨૮

કોરોનાના દર્દીઓ માટે સારવારમાં અસરકારક મનાતા રેમડેસિવિર ઈન્જેક્શનની કલેક્ટર દ્વારા ઉભી કરવામાં આવેલી અલાયદી વ્યવસ્થા થકી મંગળવારે ૨૭૨ જેટલી હોસ્પિટલ, કોવિડ કેર સેન્ટર દ્વારા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ઈ-મેલ થકી કુલ ૪૮૮૩ દર્દીઓને રેમડેસિવિર ની જરૂરીયાત હોવાની જણાવવામાં આવ્યું હતું. રેમડેસિવિર ઈન્જેક્શનની કરવામાં આવેલી આ માંગણી સામે કલેક્ટર ઓફિસ દ્વારા હોસ્પિટલોને ૨૫૦૦ ઈન્જેક્શનની ફાળવણી કરવામાં આવી હતી.

સિવિલમાં મૃતકના દાગીનાની ચોરી કરનાર મહિલા પકડાઈ

મહિલા કોરોના વાર્ડમાં સફાઈકર્મી છે

સુરત.તા.૨૮

નવી સિવિલના કેમ્પસમાં કોવિડ-૧૯ હોસ્પિટલમાં કોન્ટ્રાક્ટ હેઠળ કામ કરતી સફાઇ-કામદારે મૃતક મહિલાના દાગીનાની ચોરી કરી હોવાનું સીસીટીવી ફૂટેજના આધારે સામે આવતા ખટોદરા પોલીસે મહિલાની સામે ગુનો નોંધી ધરપકડની કાર્યવાહી કરી છે. મહિલાનું નામ યાસ્મીન લતીફ ખાન(૨૪)(રહે,માનદરવાજા) છે. વરાછા આશાપુરી સોસાયટીમાં રહેતા અને એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતા ૨૯ વર્ષીય ખુશાલભાઈ વાઘાણીએ ફરિયાદ કરી હતી કે, તેઓની ૫૩ વર્ષીય માતા ૬ એપ્રિલે નવી સિવિલની કોવિડ-૧૯ હોસ્પિટલમાં એડમિટ હતા. આ સમયે ખુશાલભાઈ પોતે પણ ખાનગી હોસ્પિટલમાં દાખલ હતા.

દરમિયાન ૬ તારીખે સાંજે માતાનું અવસાન થયું હતું. તેની ડેડબોડી લેવા માટે તેના બનેવી અને ભાઈ આવ્યા હતા. આ સમયે માતાના કાન અને નાક પરથી દાગીના ગાયબ હતા. આ બાબતે સ્ટાફને પણ જાણ કરવામાં આવી હતી. જો કે દાગીના મળ્યા ન હતા. પછી ખુશાલભાઈએ ખટોદરા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે સીસીટીવી ફૂટેજની તપાસ કરી હતી. જેમાં જાણવા મળ્યું હતું કે, ૬ તારીખે બપોરે માતા બેભાન હતી તે વખતે મહિલાએ દાગીના ચોરી લીધા હતા. આ મહિલાને સિક્યુરિટી સ્ટાફે પૂછ્યું તો, એણે ના પાડી દીધી હતી. પછી ફૂટેજ સામે આવતા તેનો ભાંડો ફુટી ગયો હતો. આ દાગીનાની કિંમત ૩૦ હજાર છે.

સુરતમાં રાજસ્થાની જૈન સમાજ દ્વારા ૬૦ બેડનું આઈસોલેશન સેન્ટર તૈયાર કરાયું

મેડીકલ સુવિધા વધારવામાં સમાજના પૂવકોને અગ્રણીઓને ટેકો મળ્યો

સુરત.તા.૨૮

કોરોનાની માહામારી સામે રાજસ્થાની જૈન સમાજ આગળ આવ્યું છે. સમાજના અગ્રણીઓ અને યુવકોની મહેનતતી ૬૦ બેડનું આઇસોલેશન સેન્ટર તૈયાર કરી કોવિડના દર્દીઓને સારવાર આપવાની તૈયારી બતાવી છે. સમાજના અગ્રણીઓના સાથ સહયોગ અને ૩૦ જેટલા નવયુવાનોની મહેનતથી તૈયાર થયેલું આઇસોલેશન સેન્ટર તૈયાર કરવામાં આવ્યું છે.

શ્રી કુશલ ક્રાંતિ ખરતરગચ્છ જૈન સંઘ નાકોડા ભૈરવ તપાગચ્છ જૈન સંઘના પ્રવકતા આશિષ મરડીયાએ જણાવ્યું હતું કે, વધતા જતા કોરોનાના કેસને લઈ સમાજના અગ્રણીઓ આગળ આવ્યા છે. એમની સાથે સમાજની લગભગ તમામ વેપારી યુવાનોનો સહકાર મળી રહ્યો છે. આજે પાલ કોમ્યુનિટી સેન્ટરમાં આઇસોલેશન સેન્ટરનું ઉદઘાટન પ્રદેશ અધ્યક્ષ ઈછ પાટીલ, કોર્પોરેટર કેતન મહેતા અને પૂર્વ ડેપ્યુટી મેયર નીરવ શાહના હસ્તે કરાયું છે. આઇસોલેશન સેન્ટરમાં ૬૦ બેડની ઓક્સિજન સાથેની સુવિધા ઉભી કરાય છે. આ સેન્ટરમાં ૩૦ જેટલા ખઉ,ખઇઇજ,ઇઉજ ડોક્ટર, નર્સિંગ સ્ટાફ અને અન્ય સ્ટાફ હાજર રહેશે.

સુરતમાં તેમના સમાજના ૫૦૦ પરિવારો રહે છે. જેમાં રાજસ્થાન સંચોરથી સિનધરી અને શેરગઢ સુધીનો સમાવેશ થાય છે. તમામ વેપારી પરિવારોની આર્થિક મદદથી આ આઇસોલેશન સેન્ટર શરૂ કરવામાં મદદ મળી છે. સમાજ દ્વારા કોરોના ના પ્રથમ વેવમાં પણ ગરીબ લોકોને ભોજન, આર્થિક મદદ કરવામાં પણ પાછળ રહી નથી.કોરોના ની માહામારી સામે રાજસ્થાની જૈન સમાજ આગળ આવ્યું છે.

રેમડેસિવિર ઈન્જેક્શનોની કાળાબજારી કેસઃનિત્યા હોસ્પિટલનો વિવેક ધામેલિયા સિવિલમાંથી દર્દીના નામે ૪ દિવસમાં ૮૯ ઈન્જેક્શન લાવ્યો હતોઃ લેબ ટેક્નિશિયન વિશાલ અને હિરેન હજુ પણ ફરાર

આજથી મુખ્યમંત્રી તરીકે શોભાના ગાંઠીયા બની જતા અરવિંદ કેજરીવાલ

દિલ્હીમાં હવે તેઓ માત્ર કઠપુતલી, તમામ સત્તાઓ લેફ. ગર્વનર હસ્તક : કેન્દ્ર દ્વારા દિલ્હી અંગે બનાવવામાં આવેલો નવો કાયદો લાગુ

નવી દિલ્હી, તા.૨૮

દિલ્હીમાં લોકશાહી ઢબે ચૂંટાયેલા મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આજથી માત્ર કઠપુતળી મુખ્યમંત્રી બની ગયા છે. કેન્દ્ર સરકારે દિલ્હી અંગે બનાવેલો નવો કાયદો આજથી અમલમાં આવી જતા તમામ સત્તાઓ ઉપરાજપાલને મળી છે. કેજરીવાલની સરકાર માત્ર શોભાના ગાંઠીયા સમાન બનીને રહી ગઇ છે. દિલ્હીની તમામ સત્તાઓ હવે લેફ. ગર્વનર પાસે રહેશે.

મોદી સરકારે નવા કાનુનને લાગુ પડતું જાહેરનામુ આજે બહાર પાડી દીધુ છે. આ રીતે મોદી સરકારે દિલ્હીના ઉપરાજપાલની સત્તાઓમાં અનેક ગણો વધારો કરી દીધો છે. મતલબ એ થયો કે મુખ્યમંત્રી કેજરીવાલ અને એમની સરકાર ઉપરાજયપાલની મંજુરી વગર કોઇ પગલુ ભરી શકશે નહીં. કેન્દ્ર સરકારે રાષ્ટ્રપતિ દ્વારા નવી દિલ્હી રાજયક્ષેત્ર શાસન (સંશોધન કાનુન ૨૦૨૧) એટલે કે જીએનસીટી કાયદાને મંજુરી અપાયા બાદ જાહેરનામુ બહાર પાડી દીધુ છે. હવે દિલ્હીમાં સરકાર એટલે ઉપરાજયપાલની સરકાર એવો મતલબ થશે. લોકસભામા આ ખરડો ૨૨ માર્ચે અને રાજયસભામા ૨૪મી માર્ચે પસાર કરવામાં આવ્યો હતો મુખ્યમંત્રી કેજરીવાલે નવો કાયદો લોકતં માટે ખુબ જ દુઃખદ ગણાવ્યો છે. ટુંકમ મોદી સરકારે મુખ્યમંત્રી કેજરીવાલન તમામ પાંખો કાપી નાખી છે. એમન લોકોના મતથી ચૂંટાયેલી સરકાર ઉપરાજયપાલને આધિન બનાવી દીધી છે

Dt.28-04-2021 8
બુધવાર
અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

ભાજપના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાની સાફ ચિમકી

જો ૨૪ કલાકમાં ઓક્સિજન-ઈન્જેકશનની અછત દૂર ન થાય તો આમરણાંત ઉપવાસ

ગોંડલ અને રાજકોટ જિલ્લામાં તંગી માટે નોડલ અધિકારી જે.કે.પટેલ જવાબદાર હોવાનો આક્ષેપ, ગોંડલ ધારાસભ્યના પતિ જયરાજસિંહ અને સાંસદ રમેશ ધડુકે દર્દીઓની બેહાલી વર્ણવી, રાજકોટ કલેકટર કચેરી સામે ઉપવાસ પર બેસવાની જાડેજા અને સાંસદની ચેતવણી

પૂર્વ ધારાસભ્યના ફોન ઉપાડયા છે અને ઓક્સિજન પણ પુરો પાડયો છે : અધિક કલેકટર

રાજકોટ જિલ્લા અધિક કલેકટર જે.કે.પટેલે ગોંડલના પૂર્વ ધારાસભ્યના ભારે આકરા આક્ષેપો સામે એવો ખુલાશો કર્યો છે કે, મેં પૂર્વ ધારાસભ્યના ફોન ઉપાડયા છે અને ઓક્સિજનનો જથ્થો પણ પુરો પાડયો છે. અત્યારે ઓક્સિજન માટે સતત ફોન આવતા હોવાથી ઘણીવાર કોઇ કોલ મીસ્ડકોલ થઇ જાય છે. આથી સામે ફોન કરવાનો સમય મળતો નથી. સાંસદ રમેશભાઇ ધુડક સાથે એક દિવસમાં ત્રણવાર વાત થઇ છે.

ધોરાજીના ધારાસભ્ય વસોયા આજથી આમરણાંત ઉપવાસ પર

ધોરાજી : રેમડેસિવિર અને ઓક્સિજનનો પુરતો પુરવઠો ન મળતા ધોરાજીના ધારાસભ્ય લલીતભાઇ વસોયાએ આજથી ધોરાજી પ્રાંત કચેરી સામે આમરણાંત ઉપવાસ શરૂ કરી દીધા છે. તેમણે જણાવ્યું છે કે, ધોરાજીને જરૂરીયાતની સામે માત્ર ૧૦ ટકા જથ્થો જ ફાળવવામાં આવ્યો છે. જો ૫૦ ટકા જથ્થો અપાઇ તો જ કોરોનાની સારવાર લઇ રહેલા દર્દીઓને રાહત પહોંચાડી શકાય તેમ છે. આ રીતે લોક પ્રતિનિધિઓ મેદાનમાં આવતા જિલ્લા વહીવટી તંત્રથી માંડીને ઉપર સુધીના સરકારી તંત્રમાં ખળભળાટ મચી ગયો છે.

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

ગોંડલ, તા.૨૮

પ્રજા પહેલા અને પક્ષ પછી એ ઉકતીને સાર્થક કરી બતાવતા ગોંડલ ધારાસભ્યના પતિ અને અગ્રણી ભાજપી આગેવાન જયરાજસિંહ જાડેજાએ ગોંડલ સહિત રાજકોટ જિલ્લામાં ઓક્સિજન અને ઇન્જેકશનની અછત ૨૪ કલાકમાં દુર ન કરાઇ તો આમરણાંત ઉપવાસ પર ઉતરવાની સરકાર અને વહીવટી તંત્રને ચેતવણી આપી છે. ગઇકાલે એક ખાસ પત્રકાર પરીષદમાં જયરાજસિંહ જાડેજા અને પોરબંદરના સાંસદ તથા ગોંડલના જ અગ્રણી નેતા રમેશ ધડુકે આંદોલનની ચેતવણી આપવા સાથે એવો ચોકાવનારો આક્ષેપ કર્યો હતો કે, તંત્રના પાપે કોરોનાના દર્દીઓના ટપોટપ મોત થઇ રહયા છે. તેમણે ઓક્સિજન અને દવાઓની અછત માટે સરકારના નોડલ ઓફિસર જે.કે.પટેલને જવાબદાર ઠરાવ્યા હતા અને એમની ભૂમિકા વરવી હોવાની ટકોર કરી હતી.

પત્રકારો સાથે વાતચીત કરતા ગોંડલ ધારાસભ્યના પતિ અને પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાએ ચેતવણી આપી છે કે, જો ૨૪ કલાકમાં વ્યવસ્થા નહીં કરાય તો રાજકોટ કલેકટર કચેરી સામે જ હું આમરણાંત ઉપવાસ આંદોલન શરૂ કરીશ. તેમણે ટકોર કરી હતી કે, મુખ્યમંત્રી વિજય રૂપાણીની સરકારના કામો છેવાડાના દર્દી સુધી પહોંચી રહયા નથી. એનું કારણ જિલ્લા વહીવટી તંત્રની બેજવાબદારી ભરી વ્યવસ્થા છે. અધિકારીઓ સરકારને પણ ગાંઠતા નથી નોડલ ઓફિસરને ઓક્સિજન માટે અવાર-નવાર રજૂઆતો કરવામાં આવી છે પણ પુરતો જથ્થો આપવામાં આવ્યો નથી. હવે તંત્ર સામે આક્રમક લડત ચલાવવી પડશે. તેમણે સ્પષ્ટ આક્ષેપ કર્યો હતો કે, જે.કે.પટેલ પોતાની અણઆવડત છુપાવવા માટે ગોંડલ ભાજપના કાર્યકરોને ખોટી રીતે બદનામ કરે છે. બે વખત પટેલ સાથે મોબાઇલ પર વાતચીત કરવાની કોશીશ થઇ હતી પણ મારો નંબર બ્લેક લીસ્ટમાં મુકી દીધો છે. આ અંગે હું સરકારને પણ જાણ કરવાનો છું અને તપાસની માંગણી કરનાર છું.

પોરબંદરના સાંસદ રમેશભાઇ ધડુકે જણાવ્યું હતું કે, ખાલી ગોંડલમાં જ ઓક્સિજનના ૭૪૧ સિલિન્ડર અને ૩૫૦ રેમડેસિવિર ઇન્જેકશનની જરૂર છે. તેની સામે જિલ્લા તંત્ર ૨૦ થી ૪૦ ટકા જ જથ્થો આપી રહયું છે. મારા મતવિસ્તાર પોરબંદરની હાલત પણ આવી જ છે. તેમણે સરકારી તંત્રની પોલ ખોલી હતી અને બધાને આડે હાથ લીધા હતા.

જયરાજસિંહે આગળ ઉમેર્યુ હતું કે, આવા એક અધિકારી જે.કે.પટેલને કારણે આખા રાજકોટ જિલ્લાનું તંત્ર બદનામ થાય છે. આ અધિકારી કયાંય પહોંચી શકતા નથી અને ગોંડલ પ્રત્યે ઓરમાયું વર્તન બતાવી રહયા છે. આ અંગે રાજય સરકારે તાત્કાલીક યોગ્ય તપાસ કરવી જોઇએ.

ગોંડલના ભાજપના પૂર્વ ધારાસભ્યએ લોકોના હિત ખાતર પોતાના જ પક્ષની સરકારનો કાન ખેંચવાની હિંમ્મત કરી બતાવી છે અને જિલ્લા વહીવટી તંત્રની વ્યવસ્થામાં રહેલી પોલ ઉઘાડી પાડી છે. આવું અન્ય નેતાઓ કરે છે કે કેમ એ જોવાનું રહે છે. લોકો ખુબ આતુરતાથી રાહ જોઇ રહયા છે આવી રીતે લોક હિતમાં પક્ષા-પક્ષી ભુલીને અન્ય ટોચના નેતાઓ પણ અણીના સમયે પ્રજાની પડખે આવે એવી લોકો અપેક્ષા રાખી રહયા છે.

રાજકોટ : પ્રધાનમંત્રી આવાસ યોજનાનાં ફોર્મની મુદ્દતનો વધારો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૨૮

શહેરનાં વિવિધ વિસ્તારમાં EWS-૧ ના ૧૬૪૮ અને EWS-2 ના ૧૬૭૬ તથા MIG ના ૮૪૭ મળી કુલ - ૪૧૭૧ આવાસોનાં બાંધકામની કામગીરી ચાલુ છે: કોરોના મહામારીને ધ્યાનમાં રાખી આ આવાસોનું ફોર્મ મેળવવા અને પરત કરવાની મુદ્દતમાં આગામી તા.૩૧ મે સુધી વધારો કરાયો છે. મેયર ડો.પ્રદિપ ડવ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઇ પટેલ, મ્યુનિસિપલ કમિશનર ઉદિત અગ્રવાલ, હાઉસિંગ કમિટી ચેરમેન વર્ષાબેન રાણપરા જણાવ્યુ છે કે,જે આવાસોનાં બાંધકામની કામગીરી ચાલુ છે. આ આવાસોનું ફોર્મ વિતરણ તથા ભરીને પરત આપવા માટે તા.૦૫/૦૪/૨૦૨૧ થી તા.૩૦/૦૪/૨૦૨૧ સુધીનો સમય આપવામાં આવેલ. હાલમાં કોરોનાના કેસો ખુબ જ વધી રહ્યા છે. જે ધ્યાનમાં રાખી લોકો આવાસ યોજનાનો લાભ લઇ શકે તે માટે આવાસના ફોર્મ મેળવવા અને પરત કરવા અગામી તા.૩૧/૦૫/૨૦૨૧ સુધીનો મુદત વધારો આપવામાં આવેલ છે. ફોર્મ મેળવવા શહેરની આઈ.સી.આઈ.સી.આઈ. બેંકની જુદી જુદી ૬ શાખાઓમાં જેવી કે, શારદાબાગ, પેલેસ રોડ, રણછોડનગર, નિર્મળા રોડ, એસ્ટ્રોન ચોક, નાણાવટી ચોક, તથા રાજકોટ મહાનગરપાલિકાનાં તમામ સિવિક સેન્ટર મારફત મળશે અને ત્યાં જ ભરીને આપી શકાશે. રાજકોટ મહાનગરપાલિકાનાં તમામ સિવિક સેન્ટરએ આવાસ યોજનાનાં ફોર્મ વિતરણનો સમય સવારે ૧૦:૩૦ થી સાંજે ૩ કલાક સુધીનો રહેશે તેમજ આઈ.સી.આઈ.સી.આઈ. બેંકમાં ફોર્મ વિતરણનો સમય સવારે ૧૦:૩૦ થી બપોરે ૩ વાગ્યા સુધીનો રહેશે.

રાજકોટ રૈયા રોડ પર ખુલ્લા મોઢે ધંધો કરતા રેકડી અને પાથરણાવાળા

મનપા આરોગ્ય વિભાગની કોઇ ટીમને આ દેખાતું નથી? લોકોમાં સવાલ, રૈયા રોડ, મઢીચોક, સોજીત્રા નગરમાં રેકડીવાળા દ્વારા કોવિડ નિયમોનો બેફામ ભંગ, શાકભાજી અને ફુટની અનેક લારીઓ ઉભી રહે છે, કોઇના મોઢા પર માસ્ક નહીં!

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

રાજકોટના રૈયા રોડ પર આમ્રપાલી બ્રીજથી માંડીને મઢી અને રૈયા ચોકડી સુધી તથા રૈયા રોડની આજુબાજુ સોજીત્રા નગર અને સ્કુલ પાસેના વિસ્તારોમાં ઉભા રહીને શાકભાજી તથા ફળ-ફળાદીનું વેંચાણ કરતા લારી-ગલ્લાવાળા અને પાથરણા વાળા ભયજનક રીતે સુપરસ્પ્રેડરની ભુમિકા ભજવી રહયા છે પણ અતિશય આશ્ચર્ય અને હકીકત એ છે કે, અહીં આ વિસ્તારોમાં મનપા આરોગ્ય વિભાગની ટુકડીઓ અવાર-નવાર ચેંકીગ માટે આવતી હોય છે પણ એમને આ સુપર સ્પ્રેડર દેખાતા નથી. આ તમામ ધંધાર્થીઓ કોવિડના નિયમોનો સરેઆમ ઉલાળીયો કરી રહયા છે. અહીં સવારે અને વધુતો મોડી સાંજે આસપાસની સોસાયટીઓ અને રહેણાંક વિસ્તારોની બહેનો મોટા પાયે શાક અને ફળ ખરીદવા માટે ઉમટી પડતી હોય છે ત્યારે ધરાહર ખુલ્લા મોઢા રાખીને ધંધો કરી રહેલા આ લારીઓ વાળા અને પાથરણાવાળા કોરોના સંક્રમણના વાહક બની શકે તેવી ભીતી

(અનુ.પાના નં.૪ ઉપર)

રાજકોટ મનપામાં કોરોનાનું આક્રમણઃ મેયર, આસી.કમિશ્નર સહિત ૧૨ કોરોના સંક્રમીત

મેયર ડો. પ્રદીપ ડવ હોમઆઇસોલેટ થયા, આસી.કમિશ્નર ધડુકનો રીપોર્ટ પણ પોઝિટિવ આવતા મનપામાં ભારે ખળભળાટ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

રાજકોટ મહાનગરપાલિકા કચેરીમાં કોરોનાનો વિસ્ફોટ થયો છે. મેયર ડો.પ્રદીપ ડવ અને આસી.કમિશ્નર ધડુક સહિત કુલ ૧૨ વ્યકિતઓ કોરોના સંક્રમિત થઇ ગઇ છે. જેના કારણે મનપા વડામથકમાં ખડભડાટ મચી ગયો છે.

આજે શહેરના પ્રથમ નાગરિક ડો. ડવ એ ખુદ ટવીટ કરીને પોતાને કોરોના ચેપ લાગ્યાની જાણ કરી હતી. રીપોર્ટ પોઝીટીવ આવ્યા બાદ મેયર તુરંત જ હોમઆઇસોલેટ થઇ ગયા છે. આસી.કમિશ્નર સહિત કુલ ૧૨ કર્મચારીઓ કોરોના સંક્રમિત થઇ ગયા છે.

મનપા કચેરીમાં એક સાથે આટલા બધા કેસ જોવા મળ્યા બાદ સમ્રગ કચેરીને સેનીટાઇઝ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. અત્યારે પ્રથમ નાગરિકના તમામ કાર્યક્રમો મોકૂફ રાખવામાં આવ્યા છે.

આજે બપોરે ૨ વાગ્યા સુધીમાં ૧૪૨ નવા કેસ

કુલ પોઝિટિવ કેસની સંખ્યા વધીને ૩૨ હજાર પહોંચી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

રાજકોટમાં કોરોનાના કેસોમાં એકધારી ગતી જળવાઇ રહી છે. આજે તા.૨૮ને બુધવારે બપોરે ૨ વાગ્યા સુધીમાં નવા ૧૪૨ પોઝિટિવ કેસ નોંધાયા હતા. આ રીતે શહેરમાં કુલ કોરોના કેસની સંખ્યા વધીને ૩૨૦૭૬ થઇ ગઇ છે. ગઇકાલે એટલે કે મંગળવારે એક દિવસમાં ૪૫૨ કેસ નોંધાયા હતા. જયારે ૬૫૨ દર્દીઓને

(અનુ.પાના નં.૪ ઉપર)

પત્રકાર પરીષદમાં અર્જુન મોઢવાડિયાના સરકાર પર આકરા પ્રહારો

ગુજરાતમાં સૌથી વધુ હાલત ખરાબ મુખ્યમંત્રીના હોમ ટાઉનમાં : મોઢવાડિયા

કોરોના મહામારીમાં સરકાર અંહકાર છોડી સર્વપક્ષીય બેઠક બોલાવે : કોંગ્રેસ

રાજકોટ : શહેરના નાગરબોર્ડીંગ ખાતે પત્રકાર પરિષદમાં અર્જુનભાઇ મોઢવાડિયા, શહેર કોંગ્રેસ પ્રમુખ અશોક ડાંગર, કાર્યકારી પ્રમુખ પ્રદિપ ત્રિવેદી, કોંગ્રેસ અગ્રણી જસવંતસિંહ ભટ્ટી, પ્રદેશ કોંગ્રેસ મહિલા પ્રમુખ ગય્યીબા વાઘેલા, પૂર્વ શહેર પ્રમુખ રાજપૂત, પૂર્વ વિપક્ષ નેતા સાગઠીયા સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અર્જુનભાઇ મોઢવાડિયાએ પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે, દુનિયાના નિષ્ણાંતોએ ચેતવણી આપી હતી કે, દેશમાં કોરોનાની બીજી લહેર ખતરનાક હશે છતાં કેન્દ્ર સરકારે ગંભીરતાથી નોંધ લીધી ન હતી.

રાજકોટમાં રેમડે સિવિર, ઓક્સિજન, ખાનગી સરકારી હોસ્પિટલોમાં બેડ મળતા નથી. ગુજરાતમાં સૌથી વધુ ખરાબ હાલત રાજકોટની છે.

પ્રદેશ ભાજપ પ્રમુખ દાદાગીરી કરીને પાટીલ સરકાર પર દાદાગીરી કરીને રેમડેસિવિર ઈન્જેકશન લઇ જાય છતાં કોઈ પગલા લેવાતા નથી.

ભાજપના

(અનુ.પાના નં.૪ ઉપર)

ગોંડલના જામવાડી જી.આઈ.ડી.સી માં ૨૪ લાખનો દારૂ પકડાયો

રાજકોટનો નામચીન બુટલેગર સહિત આઠ શખ્સો દારૂનું કટીંગ કરે તે પહેલા જ રૂરલ કાઈમ બ્રાંચ ત્રાટકી: રૂ.૪૦ લાખનો મુદ્દામાલ કબજે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

ગોંડલના જામવાડી જી.આઈ.ડી.સી માં આવેલા કારખાનાના સેડમાં વિદેશી દારૂનું કટીંગ થતું હોવાની બાતમી પર રૂરલ કાઈમ બ્રાંચની ટીમે દરોડો પડતા રાજકોટના નામચીન બુટલેગર સહિત આઠ શખ્સોની ધરપકડ કરી અલગ-અલગ બ્રાંડની ૭૬૪૦ બોટલ કિમત રૂ. ૨૪ લાખનો દારૂ સહિત કુલ રૂ. ૪૦ લાખનો મુદ્દામાલ પોલીસે કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ કાઈમ બ્રાંચના પી.આઈ એ.આર.ગોહિલની સુચનાથી પી.એસ.આઈ વી.એમ.કોલાદરા, હેડ કોન્સ્ટેબલ મહિપાલસિંહ, જયેન્દ્રસિંહ, અનીલભાઈ,બાલકૃષ્ણભાઈ, રહીમભાઈ, મેહુલભાઈ સહિતનો સ્ટાફ

(અનુ.પાના નં.૪ ઉપર)

રાજકોટ શહેર-જિલ્લામાં આજથી આંશિક લોકડાઉન

શું બંધ રહેશે, શું ચાલુ રહેશે તેની જાણકારી મેળવો, પોલીસ કમિશનર દ્વારા જાહેરનામું બહાર પડાયું, ૫ મે સુધી અમલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

કેન્દ્રની ગાઇડલાઇન મુજબ ગુજરાત સરકારે બહાર પાડેલા આદેશ અનુસાર રાજકોટ શહેર અને જિલ્લામાં આજે તા.૨૮ એપ્રીલને બુધવારથી આંશીક લોકડાઉનનો અમલ શરૂ થઇ ગયો છે. આજે પોલીસ કમિશનર દ્વારા આ અંગે ખાસ જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે અને શું બંધ રહેશે તથા શું ચાલુ રહેશે તેની વિગતવાર માર્ગદર્શીકા બહાર પાડવામાં આવી છે. તા.૫ મે સુધી જાહેરનામું અમલમાં રહેશે. જેનો ભંગ કરનારા સામે કાયદાની જોગવાઇઓ મુજબ કડક પગલા લેવામાં આવશે. એમ પોલીસ કમિશનરે જાહેર કર્યુ છે.

શું બંધ રહેશે

કમિશનરના જાહેરનામાં મુજબ નાઇટ કફર્યુ રાતના ૮ થી સવારના ૬ સુધી અમલમાં હોવાથી ઘરની બહાર નીકળવાની મનાઇ ફરમાવવામાં આવી છે. જાહેર રસ્તા, માર્ગો, શેરી-ગલ્લીઓ, પેટા જગ્યાઓ પર ઉભા રહેવાની કે રખડવાની કે વાહનો લઇને ફરવાનું પ્રતિબંધીત કરાયું છે. તમામ દુકાનો, વાણીજયસંસ્થાઓ, લારી-ગલ્લા, સોપીંગ કોમ્પલેસ, ગુજરી બજારો, શૈક્ષણીક સંસ્થા અને કોચીંગ કલાસ (ઓનલાઇન શિક્ષણ સિવાય), સીનેમા ઘરો, ઓડીટોરીયમ, નાટય ગૃહો, એસેમ્બલી હોલ, વોટર પાર્ક, જાહેર બાગ-બગીચા, મનોરંજન સ્થળો, હેર સલુન, સ્પા, બ્યુટી પાર્લર, જીમ, સ્વીમીંગ પુલ બંધ રહેશે. તમામ રેસ્ટોરા પણ બંધ રહેશે, એમની માત્ર ટેક-અવે સર્વીસ ચાલુ રહેશે.

(અનુ.પાના નં.૪ ઉપર)

શું ચાલુ રહેશે

રાત્રી કફર્યુમાં બીમાર, સગર્ભા અને અશકતવ્યકિતને સારવાર માટે એક વ્યકિત સાથે અવર-જવરની છુટ રહેશે. મુસાફરોએ રેલવે, એરપોર્ટ, એસટી કેસીટી બસની ટીકીટ બતાવીને અવર-જવર કરવાની રહેશે, રાત્રે કોઇ લગ્ન સમારંભ યોજી નહીં શકાય, આવશ્યક સેવાના નાગરીકો, અધિકારી અને સ્ટાફે આઇડી બતાવવાના રહેશે. અનીવાર્ય સંજોગોમાં બહાર નીકળેલ નાગરીકે તેમનું ઓળખપત્ર, ડોકટરની પ્રીસ્ક્રીપશન અને સારવારને લગતા કાગળ બતાવવાના રહેશે. આવી વ્યકિત સાથે ફરજ પરના પોલીસ અધિકારી અને કર્મચારીએ માનવીય અભિગમ બતાવવાનો રહેશે. માસ્ક, ફેસકવર અને અંતર ફરજીયાત છે.

ચાલુ રહેનારી સેવાઓ

કોવિડ કામગીરી સાથેની સીધી સેવાઓ ચાલુ રહેશે. મેડિકલ, પેરામેડિકલ અને સંકળાયેલી આરોગ્ય સેવા, ઓક્સિજન ઉત્પાદન અને વિતરણ વ્યવસ્થા, ડેરી-દુધ-શાકભાજી-ફળ ફળાદી, ઉત્પાદન વિતરણ, વેંચાણ અને હોમડિલીવરી, શાકભાજી અને ફુટ માર્કેટ, કરીયાણુ બેકરી, બધા પ્રકારની ખાદ્યસામગ્રીનું વેંચાણ અને તેની ઓનલાઇન સેવાઓ ચાલુ રહેશે. અનાજ અને મસાલા દળવાની ઘંટી ચાલુ રહેશે. ઘરેલુ ટીફીન સર્વીસ અને હોટેલ રેસ્ટોરામાંથી પાર્સલની ટેક-અવે સેવા ચાલુ રહેશે. ટેલીફોન-મોબાઇલ સર્વીસ પ્રોવાઇડર, ઇન્ટરનેટ અને આઇટી સંબંધીત સેવા ચાલુ રહેશે. પ્રીન્ટ અને ઇલેકટ્રોનીક મીડિયા તથા અખબારોનું વિતરણ ચાલુ રહેશે. તમામ પ્રેટ્રોલ પમ્પ તથા

(અનુ.પાના નં.૪ ઉપર)

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.